ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

# શ્રી સારસ્વત

મુખપત્ર

Published on 28th Every Month




વાર્ષિક લવાજમ : રૂા. ૩૦૦/-     છૂટક નકલ : રૂા. ૩૦/-

વર્ષ : ૧૯     અંક : ૧૨/૧૩     સળંગ અંક : ૨૦૩/૨૦૪     ડિસેમ્બર-૨૦૨૪/જાન્યુઆરી-૨૦૨૫

: અધ્યક્ષ :
**શ્રી જયપ્રકાશ પી. પટેલ**
શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર, જિ. મહિસાગર


: પ્રમુખ :
**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઇડર, જિ. સા.કાં.

: મુખ્ય સંપાદક :
**શ્રી અમિત આર. પંડ્યા**
શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર, અમદાવાદ

## ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
## ૫૩મું શૈક્ષણિક અને વહીવટી અધિવેશનની ઝલક...














# શ્રી સારસ્વત

''न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ''

**કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,**

**હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર**

**www.shreesaraswat.com**

**વર્ષ : ૧૯ અંક-૧૨/૧૩ સળંગ અંક : ૨૦૩/૨૦૪ ડિસે. ૨૦૨૪/જાન્યુ. ૨૦૨૫ વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦**



-: અધ્યક્ષ :-

**શ્રી જયપ્રકાશ પી. પટેલ**

મુ. પો. જાનવડ, તા. સંતરામપુર,
જિ. મહીસાગર-૩૮૯૨૬૦
શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર
જિ. મહીસાગર
(મો.) ૯૪૨૬૫૦૯૨૨૬
E-mail : jppatelbjp@gmail.com

-: પ્રમુખ :-

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**

શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.
૧૮, પ્રેમપુર બંગ્લોઝ, ઉમિયા સીટી
હોમ્સની બાજુમાં, ગાયત્રી
મંદિર રોડ, મહાવીરનગર,
હિંમતનગર, જિ. સાબરકાંઠા
(મો.) ૭૮૭૪૮૦૪૪૦૪

-: મુખ્ય સંપાદક :-

**શ્રી અમિત પંડ્યા**

શ્રી માતૃછાયા હાયર
સેકન્ડરી સ્કૂલ
સુખરામનગર,
ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦૦૨૧.
(મો.) ૯૯૭૪૫૨૫૨૩૨

-: ઉપાધ્યક્ષ :-

**શ્રી હરદેવસિંહ પી. જાડેજા**

ચંદ્રસિંહજી હાઈસ્કૂલ,
મુ. ધ્રોલ, તા. ધ્રોલ,
જિ. જામનગર
(મો.) ૯૪૨૬૯૭૫૮૩૩

-: કલ્યાણનિધિ કન્વીનર :-

**શ્રી સુરેશભાઈ પી. સરસાવડિયા**

શ્રી સાવડી હાઈસ્કૂલ,
સાવડી, તા. ટંકારા,
જિ. મોરબી.
(મો.) ૯૯૯૮૧૬૭૮૩૬

-: અન્વેષક :-

**શ્રી પંકજકુમાર સી. પરમાર**

એન.એમ. વાડિયા (તાતા વાડિયા)
હાઈસ્કૂલ, નાગરોલ. તા. ઉમરગામ,
જિ. વલસાડ-396135.
(મો.) 9825697398

**મહામંત્રી**

| -: ઉત્તર ઝોન :- | -: મધ્ય ઝોન :- | -: દક્ષિણ ઝોન :- | -: સૌરાષ્ટ્ર ઝોન :- |
|---|---|---|---|
| **શ્રી ભરતભાઈ એમ. ચૌધરી**<br>શ્રીમતી તા.ર.કૂ.શાહ સાર્વ.<br>હાઈસ્કૂલ માણકપુર,<br>તા. માણસા, જિ. ગાંધીનગર<br>(મો.) ૯૯૨૪૩૩૫૨૧૦ | **શ્રી કેતનભાઈ ચંદુભાઈ પટેલ**<br>આર. કે. વિદ્યાલય, પેટલાદ.<br>જિ. આણંદ<br>(મો.) ૭૬૯૮૪૩૫૨૩૫ | **શ્રી મિતેષકુમાર એસ. પટેલ**<br>શ્રી ડી. કે. પટેલ સાર્વ.<br>હાઈસ્કૂલ, થુવાવી,<br>તા. ડભોઈ, જિ. વડોદરા.<br>(મો.) ૯૪૨૮૧૧૬૬૮૯ | **શ્રી સુનીલકુમાર સી. બરોસીયા**<br>આર.એલ. અમૃતિયા હાઈ.,<br>ગોંડલ ત્રાકુડા, સ્મિત ગણેશ-<br>નગર, ગુંદાળા રોડ, ગોંડલ.<br>(મો.) ૯૮૭૯૫૨૩૦૬૪ |

-: પ્રમુખના મંત્રી :-

**શ્રી પંકજકુમાર આર. પટેલ**

સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ, મુ. પો. તા. લુણાવાડા,
જિ. મહીસાગર. (મો.) 9428446720

-: સારસ્વત સહ સંપાદક :-

**શ્રી દિપકકુમાર પી. પટેલ**

લાયોનેસ કર્ણાવતી એમ.એચ. હિન્દી હા.સે. સ્કૂલ, નવા વાડજ,
અમદાવાદ-380013. (મો.) 9427311939

# શ્રી સારસ્વત

''न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ''

કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,
હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર
www.shreesaraswat.com

વર્ષ : ૧૯ અંક-૧૨/૧૩ સળંગ અંક : ૨૦૩/૨૦૪ ડિસે. ૨૦૨૪/જાન્યુ. ૨૦૨૫ વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦

## અનુક્રમણિકા



1. અધ્યક્ષશ્રી/પ્રમુખશ્રીનો પત્ર ........ 05
2. સારસ્વત સંપાદકનો પત્ર ........ 07
3. મહામંત્રીશ્રીનો પત્ર ........ 09
4. પરીક્ષા : વિદ્યાર્થી અને વાલી સંવાદ... - ડૉ. નીરવ એન. ઠક્કર ........ 11
5. पढ़ाई का विज्ञान–६ ........ - પ્રાંજલભાઈ જોષી ........ 16
6. જીવંત વર્ગ એટલે જ સ્વર્ગ ........ - દિનેશ માંકડ ........ 20
7. આચાર્ય સજ્જતા (ના કરીએ તનાતની, સદાય રહીએ સનાતની...) - મહેશભાઈ શર્મા ........ 23
8. શૈક્ષણિક સંસ્થાઓમાં આચાર્યની ડાયરી કેટલી મહત્ત્વની - જી. એસ. દેધરોટીયા ........ 25
9. ભૌતિક શિક્ષણ અને આધ્યાત્મિક શિક્ષણનો સમન્વય - સંપૂર્ણ જીવન સંસ્થા, વડોદરા ........ 27
10. વ્યક્તિગત પરિચય : ડૉ. વિરલકુમાર અમૃતલાલ દેસાઈ ........ 31
11. બાળસંભાળ ........ - અંજનાબેન જે. પુરોહિત ........ 33


**નોંધ :** શ્રી સારસ્વતમાં પ્રસિદ્ધ થતા જે-તે લેખ / માહિતીમાં લેખકોના પોતાના મંતવ્યો છે. તેની સાથે મહામંડળ તથા સંપાદક કે સહસંપાદક સંમત છે, તેમ માનવું નહિ.



**શ્રી જયપ્રકાશ પી. પટેલ**
અધ્યક્ષ

# અધ્યક્ષશ્રી/પ્રમુખશ્રીનો પત્ર



**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
પ્રમુખ

સારસ્વત મિત્રો,

આપ સૌ કુશળ હશો.

૫૧મા શક્તિપીઠ અંબાજી ખાતે મા જગતજનની જગદંબાના સાનિધ્યમાં આપણું ૫૩મું શૈક્ષણિક અને વહીવટી અધિવેશન તાજેતરમાં સફળતાપૂર્વક સંપન્ન થયું.

સારસ્વત મિત્રો, શિક્ષણજગતમાં ખંત, ખમીરી અને ખુમારીભર્યું વ્યક્તિત્વ એટલે આચાર્ય અને આચાર્યોના સંપ, સેવા અને સહકારનું સંગઠન એટલે આપણો આચાર્ય સંઘ... અને આ આચાર્ય સંઘનું અનન્ય, અલૌકિક અને ઐતિહાસિક અધિવેશન એટલે ૫૩મું ઐતિહાસિક અધિવેશન. આ અતુલ્ય ક્ષણોના આપ સૌ સાક્ષી છો. અમૂલ્ય ઐતિહાસિક આ અધિવેશનમાં અત્યાર સુધીના લગભગ 3200 જેટલા રેકોર્ડબ્રેક રજીસ્ટ્રેશન સાથે વિશેષ આપ સૌની ઉપસ્થિતિ એ આપણા ઐક્યનું સાચું સામર્થ્ય પુરવાર થયું છે, જેનો યશ રાજ્ય આચાર્ય સંઘના સૌ હોદ્દેદારો તેમજ જિલ્લા/શહેર ઘટક સંઘના પ્રમુખશ્રી/મંત્રીશ્રીઓને જાય છે. આપ સૌએ ચરિતાર્થ કરેલા આ અદમ્ય ઉત્સાહનો આભાર માનીએ તેટલો ઓછો છે.

મિત્રો, આ અધિવેશન સાફલ્યભર્યુ સંપન્ન થાય તે માટે કર્મનિષ્ઠ વિવિધ સમિતિઓએ પણ ખૂબ જ નિષ્ઠાપૂર્વક કામગીરી કરેલ છે. સાથે સાથે રાજ્ય આચાર્ય સંઘના હોદ્દેદારો તેમજ જિલ્લા/શહેર ઘટક સંઘના પ્રમુખશ્રી/મંત્રીશ્રીએ પણ આપણે સૌએ નક્કી કર્યા મુજબ જાહેરાત આપેલ છે ત્યારે પુનઃ આપ સૌનો આભાર વ્યક્ત કરૂં છું. વિશેષતઃ આપણા આ અધિવેશનના સંભારણા રૂપે ખૂબ જ ટૂંકા ગાળામાં **'ઉડાન'** સંભારણું તૈયાર કરવા બદલ દિપકભાઈ વિષ્ણુભાઈ અને તેમની ટીમના તમામ સભ્યોનો પણ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરૂં છું. મિત્રો, આપ સૌ જાણો છો કે 'Unity is Strength' એ સત્ય મુજબ સંગઠનથી જ અત્યાર સુધીના દરેક પ્રશ્નો આપણે હલ કરી શક્યા છીએ અને કરીશું. ત્યારે આ જ રીતે આગામી દિવસોમાં પણ આપણે સૌ સંગઠિત રહી ભવિષ્યમાં આવનાર પડકારોનો સામનો કરીશું.

અધિવેશન દરમિયાન આપણા માનનીય કેબિનેટ શિક્ષણ મંત્રીશ્રી પ્રો. ડૉ. કુબેરભાઈ ડીંડોર સાહેબશ્રીના આપણા શૈક્ષણિક પ્રશ્નોને વાચા આપતા વક્તવ્યમાં જણાવ્યા મુજબના પરિપત્રો માટે રાજ્યની સંકલન સમિતિ આ પરિપત્રો વહેલામાં વહેલી તકે થાય તે માટે કટિબદ્ધ છે.

આગામી ટૂંક સમયમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની જાહેર પરીક્ષાઓ શરૂ થનાર છે, જેની આપ સૌને શુભેચ્છાઓ પાઠવું છું. આ પરીક્ષોત્સવ માટે આપણે સૌ વિદ્યાર્થીઓને હકારાત્મક અભિગમથી પ્રોત્સાહિત કરીએ તેમજ શાળાનું પરિણામ ઉત્કૃષ્ટ આવે તેવી કામગીરી કરીએ.

ભારતના ભાવિ સમી 'ન્યુ એજ્યુકેશન પોલિસી-2020' અંગે આપણા અધિવેશનમાં થયેલ ચિંતન, મનન તેમજ જ્ઞાન ગોષ્ઠિનો વાર્તાલાપ આપણી શાળાઓના રોજિંદા શિક્ષણ કાર્યમાં સામેલ કરી રાષ્ટ્રોત્થાન થકી નૈતિકતા સભર મૂલ્યલક્ષી શિક્ષણ જગતના સાચા ભવિષ્ય નિર્માતા બનીશું...

પુનઃ અધિવેશનને સફળ બનાવવામાં જેમનો યશ ફાળો છે તે તમામનો આભાર વ્યક્ત કરું છું. અંતે "સંગઠન એ કોઈ જનસમૂહ જ નહીં પણ કાર્યકરોની ભાવનાઓનું મંદિર છે...! સંગઠનમાં જ શક્તિ રહેલી છે."

**"એકતા અપની તાકાત હો ઔર ઇરાદે હો અટલ, હર મુશ્કિલ કા હલ નિકલેગા,**
**કદમ મિલાકર ચલ, મંજિલ હમકો જરૂર મિલેગી, આજ નહિ તો કલ."**

"સંઘે શક્તિ કલૌ યુગ"

ભારત માતા કી જય... જય જય ગરવી ગુજરાત...

આપના,

**જયપ્રકાશ પી. પટેલ** — અધ્યક્ષ
**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ** — પ્રમુખ

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ



**શ્રી અમિત પંડ્યા**
સારસ્વત સંપાદકશ્રી

# સંપાદકશ્રીનો પત્ર



**શ્રી દીપકકુમાર પી. પટેલ**
સારસ્વત સહસંપાદકશ્રી

સારસ્વત મિત્રો,

હાર્દિક આભાર સહ અભિનંદન.

આપણા સૌનું 53મું શૈક્ષણિક અને વહીવટી અધિવેશન અંબાજી મુકામે આદ્યશક્તિ જગતજનની માં અંબાના સાનિધ્યમાં તાજેતરમાં યોજાઈ ગયું. આ અધિવેશન એક માત્ર શૈક્ષણિક પ્રવૃત્તિ ન હતી, પરંતુ એક પ્રેરણાદાયી યાત્રા હતી, જે નવું શીખવા અને શૈક્ષણિક ક્ષેત્રમાં સુધારાને લગતી નવી દિશાઓ માટેનું મંચ.

મિત્રો, આપણા અધિવેશનના ઉદ્ઘાટન પ્રસંગે બાળકોના હિતેચ્છુ અને શિક્ષણ પ્રત્યે સતત જાગૃત એવા મુરબ્બી માનનીય શિક્ષણમંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર સાહેબની ઉપસ્થિતિમાં આપણા અધ્યક્ષ શ્રી જે. પી. પટેલ તથા પ્રમુખ શ્રી ભાનુપ્રસાદ પટેલ દ્વારા આપણા શિક્ષણને લગતા તમામ પ્રશ્નોની અસરકારક રીતે રજૂઆત કરવામાં આવી. આચાર્ય સંઘના અગ્રગણ્ય એવા શિક્ષણમંત્રીશ્રીએ આ અધિવેશનને જ્ઞાનનો સાગર ગણીને શિક્ષણને લગતાં તમામ પ્રશ્નોમાં સહયોગ આપવાની ખાતરી આપી. સાથે સાથે સમાજમાં આચાર્યના સ્થાન અને હોદ્દા બાબતે માર્ગદર્શન પૂરું પાડ્યું. આ સાથે તજજ્ઞ વક્તા ડૉ. જયેન્દ્રસિંહ જાદવ સાહેબશ્રી દ્વારા NEP-2020 અંગે આપણને સૌને અતિ આવશ્યક જાણકારી આપી.

જે મિત્રોએ 'ઉડાન' સોવિનિયર અંક માટે સાથ-સહકાર અને જાહેરાત આપી અને સૌના સહકારથી આ અંક તૈયાર થયો તે બદલ અમો આપના ખૂબ ખૂબ આભારી છીએ. તેમ છતાં કોઈ જગ્યાએ ક્ષતિ રહી ગઈ હોય તો અમો દિલગીર છીએ.

**"ભૂલોથી અનુભવ વધે અને અનુભવ વધવાથી ભૂલો ઘટે..."**

આચાર્ય સંઘનું અલૌકિક અને ઐતિહાસિક અધિવેશન આપ સૌના સહકારથી ખૂબ જ સફળ રીતે સંપન્ન થયું એ બદલ અમો આપ સર્વેનો દિલથી આભાર વ્યક્ત કરીએ છીએ.

"શિક્ષણ એટલે તમામ સમસ્યાઓની ચાવી, આવો, આપણે સૌ સાથે મળી
આ ચાવી વડે તમામ સમસ્યાઓ ઉકેલવા સહ ભાગીદાર થઈએ."

**શાણો માણસ પુસ્તકો અને જીવન બંને વાંચે છે.**

**આપના,**

**દિપકકુમાર પી. પટેલ**
સારસ્વત સહસંપાદક શ્રી
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
(મો.) ૯૪૨૭૩૧૧૯૩૯

**અમિત પંડ્યા**
સારસ્વત સંપાદકશ્રી
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
(મો.) ૯૯૭૪૫૨૫૩૩૨



**ભરતભાઈ ચૌધરી**
મહામંત્રીશ્રી

## મહામંત્રીશ્રીનો પત્ર

**આત્મીય સારસ્વત મિત્રો,**

**સૌને સ્નેહ વંદન....**

આપણું 53મું શૈક્ષણિક અને વહીવટી અધિવેશન એટલે કે આપણો મહાકુંભ જગતજનની મા જગદંબાના ખોળે આપ સૌના અદ્વિતીય અદ્ભુત સાથ અને સહકારથી અવિસ્મરણીય બની રહ્યું તે બદલ આપ સૌને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે. સૌનો હૃદય પૂર્વક આભાર સહ અભિનંદન.... અભિનંદન.... અભિનંદન....

મિત્રો, આપણા અધ્યક્ષ શ્રી જે. પી. પટેલ તથા પ્રમુખશ્રી ભાનુપ્રસાદ પટેલ દ્વારા આપણી તમામ વિટંબણાઓ, ચિંતા, પ્રશ્નો અંગે આપણા અધિવેશનની ઉદ્ઘાટન બેઠકમાં જ માનનીય શિક્ષણમંત્રીશ્રીની હાજરીમાં ખૂબ જ અસરકારક રીતે રજૂઆત કરી, તો આપણા જ કુળના એવા ત્રણેય માનનીય ધારાસભ્યશ્રીઓ દ્વારા પણ આપણી વાતમાં સુર પુરાવવામાં આવ્યો. ઉપરાંત અધિવેશનના સુંદર આયોજન બદલ આચાર્ય સંઘની સમગ્ર ટીમને અભિનંદન આપવામાં આવ્યા. માન. શિક્ષણમંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબે પણ આપણા પરિવારના મોભી તરીકે આપણા અધિવેશનને મહાકુંભ ગણાવી આપણી તમામ બાબતોમાં સહયોગની ખાતરી તથા વિશ્વાસ આપ્યો, સાથે સાથે સમાજમાં આચાર્યના સ્થાન તેમજ મોભો બાબતે આપણને માર્ગદર્શન કર્યું તે બદલ આપણે માનનીય મંત્રીશ્રીનો પણ આભાર પ્રકટ કરીએ છીએ. દ્વિતીય બેઠકમાં ઓછી તોછી હાજરી વચ્ચે પણ માન. શ્રી ડી. એસ. પટેલ સાહેબે આચાર્યની ભૂમિકા, ક્ષમતા તથા જવાબદારી બાબતે સુંદર પ્રેરણાદાયી વાતો કરી. તો તજજ્ઞ વક્તા તરીકે ડૉ. જયેન્દ્રસિંહ જાદવ દ્વારા નેશનલ એજ્યુકેશન પોલિસી-2020 અંગે આપણને ખૂબ જ રસપ્રદ અને અતિ આવશ્યક એવી જાણકારી આપવામાં આવી તે બદલ આ બંને મહાનુભાવોનો પણ આભાર પ્રગટ કરીએ છીએ. આપણી

તૃતીય અને અંતિમ બેઠકમાં આપણા જ કુળના અને જિલ્લા પંચાયત મહીસાગરના માન.પ્રમુખ શ્રી બાબુભાઈ પટેલ સાહેબની પ્રેરક ઉપસ્થિતિમાં મારા દ્વારા આપણા આગામી આયોજન અને રજૂઆતો બાબતે ખુલ્લા અધિવેશનમાં ઠરાવો રજૂ કરવામાં આવ્યા, જેને આપ સૌએ સર્વાનુમતે મંજૂર કર્યા તે બદલ આપ સૌનો પણ અંતઃકરણથી આભાર વ્યક્ત કરું છું.

અંતમાં અધિવેશનને સફળ બનાવવા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ સહયોગ કરનાર સૌનો પુનઃ આભાર માની આ ઐતિહાસિક અધિવેશનનું સમાપન કરવામાં આવ્યું.

મિત્રો શિક્ષણની સમગ્ર પ્રક્રિયામાં જ્યારે વિદ્યાર્થી કેન્દ્રસ્થાને છે અને સમાજમાં શાળાનું માપદંડ એ બોર્ડની પરીક્ષાના પરિણામો છે ત્યારે આગામી 27મી ફેબ્રુઆરી થી શરૂ થનાર બોર્ડની જાહેર પરીક્ષાઓ માટે આપણી શાળાઓના સૌ બાલ દેવોને તથા આપ સૌને જવલંત સફળતા માટે હૃદય પૂર્વકની શુભેચ્છાઓ પાઠવું છું.

**"એક હૈ તો સેફ હૈ, બટેંગે તો કટેંગે"**

જય શિક્ષણ......જય સંગઠન.... વંદે માતરમ....

આપનો,

**શ્રી ભરતભાઈ ચૌધરી**

મહામંત્રી,

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

## लक्ष्य तो हर हाल में पाना है |

# પરીક્ષા : વિદ્યાર્થી અને વાલી સંવાદ

**- ડૉ. નીરવ એન. ઠક્કર**
આચાર્ય, એઈએસ-એજી હાયર સેકન્ડરી સ્કૂલ
(મો.) ૯૮૯૮૬૭૯૪૯૪

**મારા પ્રિય વિદ્યાર્થી મિત્રો અને વાલીઓ,**

આજે આપણે "પરીક્ષા પે ચર્ચા"ના વિષય પર વાત કરવા માટે મળ્યા છીએ. પરીક્ષા જીવનનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે, પરંતુ તે પરિણામનો અંતિમ માપદંડ નથી. તે માત્ર આપણા શીખવાના અને મહેનતના મૂલ્યનું ચિત્રણ કરે છે. પરીક્ષા માટેના તમામ તૈયારીના પાસાંને સમજવાં અને તેનો યોગ્ય અમલ કરવો સફળતાની ચાવી છે. આજે હું તણાવ, સમય સંચાલન, અભ્યાસની રણનીતિ, સ્વાસ્થ્ય વ્યવસ્થાપન, અને અન્ય વિષયો પર ચર્ચા કરીશ, જે તમને પરીક્ષાની તૈયારીઓમાં મદદરૂપ થશે એટલું જ નહિ તમારા જીવનમાં પણ ઉપયોગી થશે.

**તણાવ વ્યવસ્થાપન :**

પ્રિય વિદ્યાર્થીઓ, પરીક્ષાનો તણાવ સંપૂર્ણપણે સ્વાભાવિક છે. તે દર્શાવે છે કે તમે તમારી જવાબદારીઓને લઈને ગંભીર છો. પરંતુ આ તણાવને કારણે તમે નબળાઈ અનુભવતા હો તો તેને હલ કરવાની જરૂર છે. દરરોજ થોડી વાર યોગ અને ધ્યાનનો અભ્યાસ કરો. સવારે શાંતિપૂર્ણ વાતાવરણમાં ધ્યાન બેસવાથી તમારા મનને શાંતિ મળશે અને તણાવ ઓછો થશે. નિયમિત વ્યાયામ તમારા શરીરને મજબૂત અને દમદાર બનાવશે, જે માનસિક રીતે પણ તમારું સ્વાસ્થ્ય સુધારશે. સકારાત્મક વિચારોને પ્રોત્સાહન આપો અને તમારા પર વિશ્વાસ રાખો કે તમે શ્રેષ્ઠ કરી શકો છો. આ સામાન્ય પ્રયાસો તમારા તણાવને ઉતારશે અને તમારી કાર્યક્ષમતા વધારશે.

**સમયનું સંચાલન :**

સમય એ જીવનનો સૌથી મહત્ત્વપૂર્ણ સંસાધન છે. પરીક્ષાની તૈયારીમાં સમયનું યોગ્ય સંચાલન સફળતાના મુખ્ય મૂલ્યોમાંનું એક છે. તમારું દૈનિક અભ્યાસનું આયોજન કરો અને

સમયપત્રક બનાવો. સમયપત્રકમાં દરેક વિષય માટે યોગ્ય સમય ફાળવો અને વિરામ માટે પણ સમય રાખો, જેથી તમારું મગજ તાજું રહી શકે. નાના-નાના લક્ષ્યો નક્કી કરીને તેમને પૂરા કરવા માટે પ્રેરણા મેળવો. મોબાઈલ અને અન્ય વિક્ષેપોથી દૂર રહો, કારણ કે તે તમારા સમયનો ખોટો ઉપયોગ કરાવે છે. જો તમે સમયનું સંચાલન સચોટ રીતે શીખી શકો, તો તમે પરીક્ષામાં તેમજ જીવનમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકશો.

**અભ્યાસની રણનીતિ :**

અભ્યાસ માટે યોગ્ય રણનીતિ બનાવવી એ તમારી પરીક્ષાની તૈયારી માટે અતિમહત્ત્વનું પગલું છે. પાછલા વર્ષના પ્રશ્નપત્રોનો અભ્યાસ કરવાથી તમે પ્રશ્નોના પ્રકાર અને પરીક્ષાના સ્વરૂપને સમજી શકશો. મહત્ત્વપૂર્ણ પ્રશ્નો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરો, કારણ કે તે તમારા પ્રગતિ માટે અગત્યના છે. તમારાં નબળા વિષયો પર ખાસ મહેનત કરો અને ત્યાં સક્ષમ બનવા માટે વધુ પ્રયત્ન કરો. ટૂંકી અને સ્પષ્ટ નોંધો બનાવો, જેથી પુનરાવર્તન દરમિયાન તમારું કામ સરળ બને. સાથે જ જૂથ અભ્યાસનો લાભ લો, કારણ કે તેમાં વિચારધારાઓનું આદાન-પ્રદાન થાય છે અને તમારું જ્ઞાન વધે છે અને તમને સરળતાથી યાદ રહે છે.

**સ્વાસ્થ્ય વ્યવસ્થાપન :**

શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય એ પરીક્ષાની તૈયારી દરમિયાન આવશ્યક છે. તમારો આહાર પૌષ્ટિક અને સંતુલિત હોવો જોઈએ. પુષ્કળ પાણી પીવું અને પૌષ્ટિક નાસ્તો કરવો તમારા મગજ અને શરીર બંને માટે ફાયદાકારક છે. વિશેષ કરીને હવે પછી પરીક્ષા સુધી બહારનું ખાવાનું ટાળો, કારણ કે તે આરોગ્ય પર પ્રતિકૂળ અસર કરવાનું કારણ બની શકે છે. બહારના ભોજન અને જંક ફૂડથી જેટલા દૂર રહેશો તેમ તમારું શરીર તંદુરસ્ત રહેશે, જે તમારું ધ્યાન કેન્દ્રિત રાખવામાં મદદ કરશે. સ્વાસ્થ્ય માટે લીધેલ કાળજી તમારા શારીરિક અને માનસિક શક્તિને ઉત્તમ બનાવે છે, જે પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન માટે જરૂરી છે.

**પરિવારની ભૂમિકા :**

વાલીઓ વિશેષ કાળજી રાખે કે બાળકોના માટે તમે સહજ અને મજબૂત આધાર હોવા જોઈએ. તમારાં બાળકો માટે ઘરમાં શાંતિપૂર્ણ અને પ્રોત્સાહક વાતાવરણ બનાવો, જ્યાં તેઓ શાંતિપૂર્ણ અભ્યાસ કરી શકે. બાળકો પર અતિશય દબાણ ન આપો; તમારાં લક્ષ્યો અને અપેક્ષાઓ

વાસ્તવિક અને યોગ્ય હોવા જોઈએ. બાળકની નાની નાની સફળતાઓની પ્રશંસા કરો, જેથી તેઓ આગળ વધવા માટે પ્રોત્સાહિત થાય. પ્રત્યેક સફળતા અને કે નાની નાની નિષ્ફળતાને સામે સમજાવટથી કામ લો, તમારાં બાળકોના પ્રગતિમાં તમારો શ્રેષ્ઠ સહયોગ આપો.

**પુનરાવર્તનની તકનીક :**

માત્ર અભ્યાસ કરવો પૂરતો નથી, તેનું પુનરાવર્તન પણ આવશ્યક છે. ટૂંકી નોંધો બનાવીને તમારાં પ્રારંભિક અભ્યાસને અસરકારક બનાવો. માઇન્ડ મેપનો ઉપયોગ કરો, જેથી મોટાં મુદ્દાઓને શ્રેણીબદ્ધ રીતે યાદ રાખી શકાય. નિયમિત અંતરાલે પુનરાવર્તન કરો, જેથી તમે શીખેલું ભૂલાતું ન રહે. જૂથ ચર્ચામાં ભાગ લો, જેનાથી તમને નવી સમજૂતી મળશે અને તમે વધુ સરળતાથી વિષયો સમજી શકશો.

**માનસિક સ્વાસ્થ્ય :**

તમારા મન અને લાગણીઓને સમજો. ચિંતાને નિયંત્રિત કરવી તેએક કુશળતા છે, જે તમારા જીવનમાં પણ મદદરૂપ થાય છે. સકારાત્મક રહો અને તમારા પ્રયાસો પર વિશ્વાસ રાખો. પરિણામની ચિંતા ન કરો, કારણ કે તે ફક્ત તમારા પ્રયત્નોનું પ્રતિબિંબ છે. તમારા મગજને શાંત રાખો અને હંમેશા શ્રેષ્ઠ આપવા માટે તૈયાર રહો.

**ડિજિટલ સાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ :**

આજના યુગમાં ડિજિટલ સાધનો અને ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ કરવો એ ભવિષ્ય માટેની મહત્ત્વપૂર્ણ કળા છે. શૈક્ષણિક એપ્લિકેશન અને વિડિયો લેક્ચર્સ તમારું જ્ઞાન વધારવામાં મદદ કરશે. ઓનલાઇન પ્રેક્ટિસ ટેસ્ટ દ્વારા તમારું મૂલ્યાંકન કરો અને તમારાં નબળા વિસ્તાર પર કામ કરો. જો તમે ડિજિટલ સાધનોને વિવેકપૂર્ણ નિયમિત રીતે તમારા અભ્યાસ માટે ઉપયોગમાં લેશો, તો તમારું પરિણામ ચોક્કસ સુધરશે.

**લક્ષ્ય નિર્ધારણ :**

તમારા માટે વાસ્તવિક લક્ષ્યો નક્કી કરો અને તેને નાના પડાવમાં વિભાજિત કરો. આ પદ્ધતિ તમારા લક્ષ્યોને પૂરા કરવામાં સરળતાને સુનિશ્ચિત કરશે. દરેક પ્રગતિનું ઉજવો, જે તમારો આત્મવિશ્વાસ વધારશે. લવચીકતા રાખો, જેથી તમે નવી રીતો અજમાવી શકો અને સતત શીખતા રહો.

**પરીક્ષામાં નૈતિકતા :**

પરીક્ષા એ માત્ર તમારી જ્ઞાન અને મહેનતનું મૂલ્યાંકન છે. તેને નૈતિક રીતે પૂર્ણ કરવું તમારા વ્યક્તિત્વનું દર્શન છે. નકલથી બચવું જરૂરી છે, કેમ કે તે તમારા આત્મવિશ્વાસ અને સક્ષમતા પર નકારાત્મક અસર કરી શકે છે. તમારા શ્રેષ્ઠ પ્રયત્નો કરો અને કોઈ પણ પરિણામ માટે તૈયાર રહો. જો તમે તમારી તૈયારીમાં પ્રમાણિક રહેતા હશો, તો પરીક્ષા હંમેશા તમારી ક્ષમતાનું સાચું પ્રતિબિંબ બતાવશે. તમારી ક્ષમતા પર ભરોસો રાખો અને શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરવા માટે નિષ્ઠાપૂર્વક મહેનત કરો.

**પાઠ્યક્રમનું વ્યવસ્થાપન :**

વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમનું યોગ્ય આયોજન ખૂબ મહત્ત્વનું છે. પરિક્ષાની તૈયારી શરૂ કરતા પહેલા દરેક વિષય માટે એક સંપૂર્ણ આયોજન બનાવો. મહત્ત્વપૂર્ણ ટોપિક્સને ચિહ્નિત કરો, જેથી તમારી મહેનત યોગ્ય દિશામાં જઈ શકે. દરેક વિષય માટે સમય ફાળવો અને નબળા વિષયો પર વિશેષ ધ્યાન આપો. પાઠ્યક્રમની પ્રગતિની સતત દેખરેખ રાખવી જરૂરી છે. જો તમે પ્રતિ દિવસે તમારા લક્ષ્યો પર પકડ રાખશો, તો આખરે તમારું પરિણામ શ્રેષ્ઠ સ્તરે હશે. સમયસર અભ્યાસક્રમ પૂર્ણ કરવો અને પછી પૂરતુ પુનરાવર્તન કરવું તમારી સફળતા માટે આવશ્યક છે.

**પરીક્ષાના દિવસનું સંચાલન :**

પરીક્ષાના દિવસે શાંતિપૂર્વક અને સમયે પહોંચવું ખૂબ જ જરૂરી છે. તમારાં તમામ જરૂરી સામાન, જેમ કે હોલ ટિકિટ, પેન, પેન્સિલ, કેલ્ક્યુલેટર વગેરે સાથે રાખો. પ્રશ્નપત્ર ધ્યાનપૂર્વક વાંચો અને પહેલા સરળ પ્રશ્નોથી શરૂઆત કરો. પ્રશ્નો હલ કરતી વખતે સમયનું વિભાજન કરો, જેથી દરેક પ્રશ્ન માટે યોગ્ય સમય મળી શકે. આ આયોજન તમારી કાર્યક્ષમતા વધારશે અને તમે શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકશો.

**આપાતકાલીન વ્યવસ્થાપન :**

ક્યારેક પરીક્ષાના સમયગાળા દરમિયાન અમુક અનિશ્ચિત પરિસ્થિતિઓનું સામનો કરવો પડે છે. તણાવ, અથવા સમયની અછત જેવી પરિસ્થિતિઓ માટે તૈયાર રહેવું જરૂરી છે. તમારા સ્વાસ્થ્ય માટે પ્રાથમિકતા આપો અને અનુકૂળ પરિવહન વ્યવસ્થાની તૈયારી રાખો. જો તમે ક્યારેક એવું અનુભવશો કે પરિસ્થિતિ પર તમારું નિયંત્રણ નથી, તો વૈકલ્પિક આયોજન પર કામ કરો. આપાતકાલીન વ્યવસ્થાનો વિચાર કરવાનો હેતુ એ છે કે તમે કોઈ પણ સંજોગોમાં શાંત રહીને શ્રેષ્ઠ આપી શકો.

**પરીક્ષા પછી :**

પરીક્ષાના પરિણામની રાહ જોતા ધીરજ રાખો અને તેમાંથી શીખવા માટે તૈયાર રહો. તમારા ભવિષ્ય માટે નવા લક્ષ્યો નક્કી કરો અને અગાઉની ભૂલોમાંથી સુધારો લાવો. પરીક્ષા પછી તમારું આત્મમૂલ્યાંકન કરવું ખૂબ જ જરૂરી છે, જેથી તમે તમારી તૈયારીના મજબૂત અને નબળા પાસાઓને સમજી શકો. પરિણામ હંમેશા મહત્ત્વપૂર્ણ છે, પણ તે તમારા શીખવાનો અંત નથી. આગળ વધવા માટે તે પ્રેરણાસ્ત્રોત બને.

**સામાજિક સહકાર :**

સંબંધો અને સમૂહ ચર્ચાઓ તમારી તૈયારીને વધુ મજબૂત બનાવી શકે છે. મિત્રો સાથે સકારાત્મક ચર્ચાઓમાં જોડાવાથી તમે નવા વિચાર મેળવી શકો અને તમારા શંકાઓનો ઉકેલ મેળવી શકો. પરિવારના સભ્યોનો ટેકો અને શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેની સંવાદ પ્રક્રિયા પણ તમારા શૈક્ષણિક જીવનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પરીક્ષાના તણાવમાં સામાજિક સહકાર તમારું મનોબળ ઊંચું રાખે છે અને તમને તમારી શ્રેષ્ઠ ક્ષમતાનો ઉપયોગ કરવા માટે પ્રેરિત કરે છે.

**પ્રેરણા અને પ્રોત્સાહન :**

પ્રત્યેક સફળતાની વાર્તા તમારા માટે પ્રેરણા બની શકે છે. તમારી જાત પર વિશ્વાસ રાખો અને નાની સિદ્ધિઓના આનંદને અનુભવો. બીજા લોકો પાસેથી પ્રેરણા મેળવો અને તેને તમારા જીવનમાં અમલમાં લાવો. આત્મવિશ્વાસમાં વધારો કરો અને તમે ચોક્કસપણે તમારું લક્ષ્ય હાંસલ કરી શકશો.

વિદ્યાર્થી મિત્રો અને વાલીઓ, આ બધા મુદ્દાઓ માત્ર પરીક્ષાની તૈયારી માટે જ નહીં, પણ જીવનમાં પણ અસરકારક બની શકે છે. તમારા જીવનમાં આ વિચારધારાઓ અમલમાં લાવશો તો સફળતા હંમેશા તમારી સાથે રહેશે. તમારું શ્રેષ્ઠ આપો, તમારી ક્ષમતા પર વિશ્વાસ રાખો અને હંમેશા આગળ વધતા રહો.

આ તમામ મુદ્દાઓ તમારાં જીવનમાં અમલ કરશો તો તમે માત્ર પરીક્ષા જ નહીં, જીવનના દરેક પડકારમાં સફળતા મેળવી શકશો. તમારું શ્રેષ્ઠ આપો અને હંમેશા પોતાનાં પર વિશ્વાસ રાખો.

**Best Of Luck**

# पढ़ाई का विज्ञान-६

– પ્રાંજલભાઈ જોષી
C.A., પુના.
ડાયરેક્ટર, D.S.P.P.L.

हम परीक्षा की तैयारी कैसे शुरू करते है ? शिक्षकों, ट्यूटर्स या कोचिंग क्लास द्वारा दी गई पाठ्य पुस्तकें या नोट्स पढ़ना, स्वयं के नोट्स, टेबल, फ्लो चार्ट तैयार करना, पिछले परीक्षा प्रश्न पत्रों को हल करना, हमारे संदेहों को दूर करने के लिए दोस्तों और शिक्षकों के साथ चर्चा करना, इत्यादि। अध्यात्म हमें "अद्वैत" की सिख देता है। अद्वैत का मतलब - द्वैत या भेद का अभाव । पर जीवन का खेल तभी खेला जाता है जब वह "द्वैत" यानी दो हो। परीक्षा भी दो लोगों द्वारा खेला जाने वाला खेल है - परीक्षक और परीक्षार्थी। इस खेल का सबसे दिलचस्प पहलू यह है कि, यह एक ऐसा खेल है जिसमें दोनों जीत सकते हैं। जब कोई छात्र परीक्षा मैं असफल हो जाता है तो परीक्षक जीत नहीं सकता, वो भी हार जाता है।

मुख्या बात ये है की "क्या हम परीक्षक को हमारी परीक्षा तैयारी का हिस्सा बना रहे हैं या नहीं ?" उदाहरण के तौर पर मान लीजिए, हमें ऑस्ट्रेलिया के खिलाफ मैच के लिए ११ खिलाड़ियों वाली एक भारतीय क्रिकेट टीम का चयन करना है। हमारी जीत की रणनीति क्या हो सकती है ? हम गेम जीतने के लिए अपने ११ खिलाड़ियों का चयन कैसे करें ? ये चयन करने के लिए हमें कई मुद्दों पर विचार करना पड़ेगा । ये किस तरह का खेल होगा- टेस्ट मैच, वन डे या २०-२०. यह कहाँ खेला जा रहा है - भारत में या भारत के बाहर। ग्राउंड रिपोर्ट क्या है, पिच कैसा है, ऑस्ट्रेलियाई टीम के संभावित ११ खिलाड़ी कौन हो सकते है, हमारे अपने खिलाड़ियों का वर्तमान प्रदर्शन कैसा है, ऑस्ट्रेलियाई टीम के साथ खेलने का पिछला अनुभव क्या है । ये और इसी तरह के अन्य पहलू। इससे हम ११ खिलाड़ियोंका चयन भी करेंगे पर ज्यादा महत्वपूर्ण की हम हमारी जीत की रणनीति तैयार करंगे ।

एक और उदाहरण समझ लेते है। मान लीजिए कि हमें अपने घर पर किसी पार्टी के लिए भोजन मेनू डिजाइन करना है । कैसे तय करे ? हमें इस बात पर विचार करने की आवश्यकता है

कि अवसर क्या है जिसके लिए मेनू तैयार किया जाना है (धार्मिक पूजा है, जन्मदिन है या नए साल का जश्न या कुछ और कारण है)। ये मेनू क्या ब्रंच के लिए तैयार करना है, या फिर दोपहर के खाने के लिए या रात के खाने के लिए। क्युं की खाने के समय के हिसाब से भी मेनू चयन के विकल्प बदल सकते है। ये भी सोचना पड़ेगा की मेहमान कौन हैं और उन्हें क्या खाना पसंद है। ये भी सोचना पड़ेगा की जो भी मेनू तैयार करे क्या उसे हम घरमें पका सकते हैं या हमें इसे बाहर से ऑर्डर करना होगा। इन प्रश्नों के उत्तर हमें भोजन मेनू तैयार करने में मदद करेंगे पर ज्यादा महत्वपूर्ण की ऐसा भोजन हो जिसका हम और हमारे मेहमान आनंद ले सके ताकि हमारी पार्टी सफल हो जाये।

तो बात ये है की - क्या हम ये सारे प्रश्न अपनी परीक्षा की तैयारी के बारे में पूछ रहे हैं ? मेरे परीक्षक की मुझसे क्या अपेक्षा है यह बहुत ही बुनियादी सवाल है, जिससे हमें परीक्षा की तैयारी की शुरुवात करनी चाहिए। दिलचस्प बात यह है कि परीक्षक खुद ही यह सब बता रहा है, लेकिन हम कई बार इसे सुनने में और समझने मैं असफल हो जाते हैं।

चाहे क्रिकेट मैच के लिए टीम का चयन करना हो या घर की पार्टी के लिए भोजन मेनू तैयार करना हो या अपनी परीक्षा की सफलता की रणनीति तैयार करना हो, हमें मूल रूप से ३ पहलुओं के बारे में पूछताछ करने की आवश्यकता है -

(ए) घटना - खेल, पार्टी या परीक्षा

(बी) प्रतिपक्ष - प्रतिद्वंदी टीम या परीक्षक, और सबसे महत्वपूर्ण

(सी) मैं स्वयं - जो काम करना है उसके लिए मेरी क्षमताएँ और मेरी अपेक्षा पूर्ति करने के लिए मेरी क्षमताओमें आवश्यक सुधार, मेरा उस घटना या काम के प्रति दृष्टिकोण (Approach) और भावनात्मक रवैया (Attitude)

अगर हम बारीकी से देखे तो पता चलेगा की उपरोक्त ३ पहलुओं मैं एकमात्र पहलू जो परिवर्तनशील है और इसलिए परिणाम को प्रभावित कर सकता है वो "मैं खुद, मैं स्वयं"। न तो मैं परीक्षा का पेपर (घटना) बदल सकता हूं और न ही परीक्षक को (प्रतिपक्ष)। हा, पर सफल होने के लिए मैं मेरे खुद मैं जरूर सुधार कर सकता हूं। लेकिन जब तक मैं अन्य दो पहलू का ठीक से

अभ्यास या आकलन नहीं कर लेता, तब तक मैं मेरी क्षमताओमें क्या सुधार चाहिए और कितना सुधार चाहिए इसका निर्णय नहीं ले सकता। परीक्षक और परीक्षा पत्र पर विचार किए बिना स्वयं को परीक्षा के लिए तैयार करना केवल एक तिहाई तैयारी करना है। मैं १/३ से कैसे सफल हो सकता हूँ?

परीक्षक कई तरीकों से हमसे संवाद कर रहा है, बताने की कोशिश कर रहा है की उसकी क्या अपेक्षाए है । उनमें से संवाद का एक माध्यम है है पिछले परीक्षा प्रश्नों के सुझाए गए उत्तर। उन सुझाए गए उत्तरों को पढ़ें। जाहिर तौर पर उसमें दिए गए तकनीकी उत्तरों को अवश्य पढ़ना चाहिए। लेकिन हमारा ध्यान उन सुझाए गए उत्तरों में परीक्षक द्वारा की गई "टिप्पणियों" पर अधिक मात्रा मैं होना चाहिए। इन टिप्पणियों को अगर आप बारीकी से देखोगे तो पता चलेगा कि कई बार परीक्षक यह टिप्पणी करता है कि "अधिकांश छात्र इस प्रश्न का प्रयास नहीं कर सके, इसका उत्तर ठीक तरह से नहीं लिख पाए।" या फिर "कई छात्र ......... की अवधारणा को समझाने में असफल रहे" या फिर "अधिकांश छात्रों ने तथ्यों की गलत व्याख्या की जो खराब समझ के स्तर को दर्शाता है"।

परीक्षक स्पष्ट संकेत दे रहा है कि इन प्रश्नों को आगामी परीक्षा पत्रों में किसी न किसी रूप में वो दोहराएगा क्योंकि वे सारे प्रश्न उस विषय के सही आकलन के लिए बहुत मौलिक हैं और इसके बावजूद अधिकांश परीक्षार्थी इसका सही उत्तर देने में असफल रहे है। परीक्षक ये जो संकेत दे रहा है वो हमारे लिए बहुत महत्वपूर्ण हैं। यह हमें परीक्षा पत्र की भविष्यवाणी करने में मदद करता है। क्या होगा अगर हम परीक्षा के पेपर की पहले से भविष्यवाणी कर सके ? परीक्षा पत्र मैं पूछे जाने वाले सवाल हमें पहलेसेही पता चले ? क्या ये हो सकता है ?

इस प्रश्न का उत्तर "हां" देने की संभावना हर बार है, पर विशेषकर नई पीढ़ी के बारे में तो ये बहुत मात्रा मैं अधिक है। विभिन्न सांस्कृतिक, सामाजिक और आर्थिक पृष्ठभूमि वाले भारत और अमेरिका के १०,५०० से अधिक परिवारों की नई पीढ़ी पर हमारा शोध २८ विशिष्ट लक्षण सुझाता है जो पिछली सभी मानव पीढ़ियों से पूरी तरह से अलग हैं।

वर्तमान पीढ़ी के छात्र एक समय में एक ही इंद्रिय का उपयोग करने वाले "प्रत्याहारी" अवस्था

वाले हैं। वे बुद्धि जीवी हैं, क्योंकि उनका आज्ञाचक्र (Third Eye Chakra) शक्तिशाली है। कल्पनाशक्ति, सहज ज्ञान युक्त शक्तियाँ, भविष्य की घटना या उसकी संभावना का पूर्वानुमान लगाना इस पीढ़ी के लिए अधिक स्वाभाविक, सहज और आसान है। वे "ध्यान" या एकाग्रता प्राप्त करने से केवल 2 कदम दूर हैं, जबकि हम जैसी पिछली पीढ़ियाँ ध्यान की अवस्था से ७ कदम दूर थीं। ये सभी विशेषताएं उन्हें वह करने के लिए सबसे योग्य बनाती हैं । यदि इन शक्तियों का उचित दिशा में उपयोग किया जाए तो यह उनके जीवन में सफलते के नए अविष्कार लाएगी और समाज के लिए तो एक बड़ा वरदान बन जाएगी। लेकिन दुर्भाग्य से उनमें से ज्यादातर लोगों को इसके बारे में जानकारी नहीं है। इतना ही नहीं, माता-पिता और शिक्षक भी इन विशेषताओं के बारे में अनभिज्ञ हैं। कोई आश्चर्य नहीं, यह अनिर्देशित, गैर-चैनलीकृत ऊर्जा दैनिक जीवन में अधिक चुनौतियाँ और परेशानियाँ पैदा कर रही है, चाहे वह घर हो या स्कूल या कॉलेज या यहाँ तक कि कार्यस्थल हो । कुछ ऐसी चीज़ जिसे सर्वशक्तिमान ने संपूर्ण मानव चेतना के उत्थान के लिए डिज़ाइन किया था, वह हमारी अज्ञानता और अनिच्छा के कारण चिंता का कारण बन गई है। सभी डीएसपीपीएल कार्यक्रमों का प्राथमिक उद्देश्य माता-पिता, शिक्षकों और निश्चित रूप से स्वयं छात्रों के बीच इन "छिपे हुए सिद्धों" के बारे में जागरूकता लाना है। एकाग्रता और ध्यान का महत्त्व शैक्षणिक अभ्यास के लिए बहोत ज्यादा महत्वपूर्ण है।

परीक्षा की तैयारी करते वक्त हम केवल "मुझे ये टॉपिक समझ मैं आता है और ये मैं कर सकता हूं, और दूसरा टॉपिक समझ के परे है और मैं वो नहीं कर सकता" सिर्फ इतनी छोटी चीजों पर ध्यान केंद्रित करके अपनी पूरी क्षमता से परीक्षा में सफल नहीं हो सकते। मैंने क्या अच्छी तरह से तैयार किया है और मैंने विकल्प के रूप में क्या रखा है क्योंकि मैं उस विषय में कमजोर हूं ।" ये हमारी अवधारणाओंका पुनर्विचार करना चाहिए। परीक्षक को हमारी परीक्षा की तैयारी या रणनीति का महत्वपूर्ण हिस्सा बनाकर इन प्रश्नों पर पुनर्विचार करने की आवश्यकता है। परीक्षक मुझसे क्या चाहता है, उसकी क्या अपेक्षाए है, यह इस प्रक्रिया को शुरू करने वाला पहला प्रश्न है। परीक्षार्थी परीक्षक का जितना ठीक से समझेगा, उसकी अपेक्षा के जितना करीब जाएगा परिणाम उतना ही बेहतर होगा। यह "अद्वैत" का दूसरा आयाम है - परीक्षक और परीक्षार्थी का एक हो जाना ।

# જીવંત વર્ગ એટલે જ સ્વર્ગ

**– દિનેશ માંકડ (9427960979**

'એક... બે... ત્રણ' વર્ગશિક્ષક બોલતાં જાય, ને 'યસ સર'ના પ્રતિઘોષ આવતાં જાય. એમાંયે કોઈ તેજસ્વી તારકનો પ્રતિધ્વનિ ન આવે, શિક્ષક અટકે, પૃચ્છા કરે પણ કોઈ તોફાની બારકસ ગેરહાજર (કે ઘેર હાજર) હોય તો હાશકારો અનુભવે. હાજરી અનિવાર્ય છે. વિદ્યાર્થીનો 'હોવા'નો પુરાવો છે શાળા અને શિક્ષકો માટ પણ વિદ્યાર્થીની હાજરી આવશ્યક જ છે

એક ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકની થપ્પડથી વિદ્યાર્થી સીધો રેલવે સ્ટેશને પહોંચી ગયો. બે દિવસ સુધી સગડ ન આવ્યા ત્યાં સુધી શાળાના આચાર્ય, શિક્ષકને ગળે કોળિયો નહોતો ઊતર્યો, કારણ કે હાજરીપત્રમાં તે 'હાજર' હતો. પ્રાથમિક શાળાના નાના ધોરણોમાં 'ડ્રોપ આઉટ' રેશિયો ન ઘટે તે માટે કેવળ 'હાજરી'ના આધારે ઉપલા ધોરણમાં ચઢાવી દેવાય છે. તો બીજી તરફ એવી હાલત માધ્યમિક શાળાની છે. રીવાળી બીમાર શાળાઓમાં ગ્રાન્ટ, કાપ, વર્ગ ઘટાડો કે ફાજલ શિક્ષકની તલવાર લટકતી રહે છે.

પરંતુ અહીં વાત કરવી છે વર્ગમાં 'ગુણાત્મક હાજરી'ની... ઘણીયે વાર ભરચક વર્ગમાં નહિવત્ હાજર હોય ને કોઈવાર પાંચ-દશ વિદ્યાર્થીમાં વર્ગ ભરચક હોય ! ભૌતિક હાજરી ભલે અનિવાર્ય હોય, પરંતુ સાચી હાજરી તો એ છે જ છે વર્ગને જીવંત રાખે અને જીવંત વર્ગ જ શાળાનો સાચો શણગાર છે. શાળાના વર્ગ સતત જીવંત રહે તે માટ શિક્ષક મિત્રો, શિક્ષણપદ્ધતિ અને શાળા વાતાવરણ ખૂબ મોટો ભાગ ભજવે છે.

વાણિજ્ય સંચાલનના અધ્યાપક વસંતભાઈ રોજ ઘરેથી તૈયાર કરેલી લાંબી નૉટ્સ લાવે. વર્ગમાં આવીને લખાવવા માંડે. ચાર વિદ્યાર્થી લખે, ચાર ઊંઘે, ચાર વાતે વળગે, એમાંયે કોઈ ટીખળી વિદ્યાર્થીમાં તો 'સાહેબ'ને વાતે વળગાડીને નૉટ્સના પાના બદલે! અને તાસ પૂરો થાય.

સમાજવિદ્યાના શંકરભાઈ પાઠ્યક્રમના પાત્રો કે પ્રસંગ પરથી નાટકની સ્ક્રિપ્ટ તૈયાર કરી લાવે. વર્ગમાં વિદ્યાર્થીઓને પસંદ કરીને અદ્‌ભુત નાટક ભજવાય. આખોય એકમ સૌને શીરાની જમે ગળે ઊતરી જાય ! વર્ગ રસિકતા સભર જ હોવો ઘટે. ચીલાચાલુ કે નિરસ વર્ગ કદી જીવંત ન હોઈ શકે.

ગણિતના રાજનભાઈને કાયમ એવી ટેવ કે આવ્યા ભેગા કાળા પાટિયા પર દાખલા ગણતા જાય. ન કોઈ સંવાદ કે ન સમજણ; તો કિરણભાઈને તો પ્રત્યેક દાખલાના પ્રત્યેક પગથિયે વિદ્યાર્થીઓને સાથે રાખવાની ટેવ! આદાન-પ્રદાન અને સહભાગીદારીના વર્ગને સતત જીવંત રાખે, જાગૃત રાખે. કનુભાઈનો પગ લોબીમાં પડે ને આખો વર્ગ સ્તબ્ધ. વર્ગમાં હાજર સંખ્યા એકસઠનો આખો વર્ગ નિ:શબ્દ ! તો બાબુભાઈના આવતાંની સાથે જ, આખોયે વર્ગ બુલબુલમાં ફેરવાય ! સૌના ચહેરાં, ફૂલની જમે ખીલતા દેખાય,

જીવંત વર્ગમાં સ્વયંશિસ્ત એવું તો અદ્‌ભુત હોય કે જાણે પાંત્રીસ મિનિટ પર્વ-ઉત્સવ બની જાય ! પ્રત્યેક વિદ્યાર્થીને કશુંક પામ્યાની અનુભૂતિ થાય, કશુંયે ગુમાવ્યાની નહીં !

શાંતિભાઈ દરરોજ ઢગલાબંધ ગૃહકાર્ય આપે, ને આવતાંવેત વારાફરતી જોવાનું શરૂ કરે, ક્યારેક તો એમાં ને એમાં તાસ પૂરો થઈ જાય. અધૂરામાં પૂરું એકનું ગૃહકાર્ય તપાસતા હોય ત્યારે બાકીનો નિષ્ક્રિય વર્ગ શાકબજારમાં ફેરવાઈ જાય. કાંતિભાઈને પણ ગૃહકાર્ય તો ખૂબ આપવાની ટેવ, પણ બીજે દિવસે યાદ કરે એ બીજા. તપાસવાની ટેવ જ નહીં! હવે વાત મગનભાઈની, ગૃહકાર્ય પણ આયોજનબદ્ધ આપવાનું ને તેમના વર્ગ પ્રવેશની ત્રણથી પાંચ મિનિટમાં તેમણે નક્કી કરેલી ટુકડી ગૃહકાર્ય તપાસી પણ લે. અહેવાલ પણ તૈયાર ને અનુકાર્ય પણ અપાઈ જાય! જીવંત વર્ગમાં બધું જ સમયબદ્ધ અને આયોજનબદ્ધ ચાલે તો વર્ગની પ્રત્યેક ક્ષણ જીવંત બને અને જો પ્રત્યેક ક્ષણ કે મહત્તમ ક્ષણ જીવંત બને તો ભયો ભયો!'

વર્ગને સતત ને સતત જીવંત રાખવા આપણી - કહો ને શિક્ષક અધ્યાપકની ભૂમિકા ખૂબ જ મોટી છે. એક શિક્ષકવિદ્ હંમેશાં પોતાના વક્તવ્યમાં કહેતાં, 'તમે તમારામાં હાજર છો?' શિક્ષક

'પોતામાં' હાજર હોય તો ઘણું નવું થઈ શકે. બી.એડ્.ની તાલીમ વખતે એક ખૂબ અનુભવી અને આદરણીય અધ્યાપક 'શિક્ષણના યક્ષ પ્રશ્નો' રસપૂર્વક સમજાવતાં. એકવાર ચારેક તાલીમાર્થીને બેધ્યાન થતા જોયા, તો વર્ગ પૂરો થયા પછી અંગત રીતે બોલાવીને પૂછ્યું, 'મારી શીખવવામાં કંઈ કચાશ રહી કે તમે બેધ્યાન થયા ?' ધન્ય છે આ અધ્યાપકને, જે સતત પોતાની અંદર ઝાંકે છે.

વરસાદનું કોઈ ટીપું જમીન પર પડે, કોઈ ખેતરમાં પડે તો કોઈ ચાતકના મોંમાં પડી સાચું મોતી બને. આપણી ક્ષણોનુ પણ તેવું જ છે. કેટલીયે ક્ષણો વેડફાય, કેટલીયે ભિન્ન ભિન્ન રીતે વપરાય, પણ જીવંત વર્ગ બનાવવા વપરાયેલી પ્રત્યેક ક્ષણ 'સાચું મોતી' બની શકે, કારણ કે આપણી સામે એ 'સમૂહ' છે જેની આવતીકાલ ઉજ્જવળ આવતીકાલ બનાવવાના આપણે ભાગીદાર થવાના છીએ.

મિત્રો ભૌતિક હાજરી નિયમિત કરવા 'બાયોમેટ્રિક' મશીન શોધાયાં. આવો જીવંત વર્ગમાં જીવંત હાજરી સૌની થાય માટે આપણી હૃદયના પ્રત્યેક ધબકારને ચેતનાના બાયોમેટ્રિક સાથે જોડીએ, જીવંત વર્ગ એટલે શિક્ષકનું સ્વર્ગ !

## આચાર્ય સજ્જતા

# ના કરીએ તનાતની, સદાય રહીએ સનાતની...

**મહેશભાઈ શર્મા**
પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી
(મો.) 9909970267

૧૪૪ વર્ષ પહેલાં ''તીર્થો કા રાજ પ્રયાગરાજ''ની પાવન ભૂમિ પર, ગંગા, યમુના અને સરસ્વતીના ત્રિવેણી સંગમ પર મહાકુંભ યોજાયો હતો. તે સમય દિવ્ય, ભવ્ય મહાકુંભનું આયોજન થયું હતું...

પરંપરાગત અજેય રહીને આજે પણ ભવ્યાતિભવ્ય મહાકુંભનું આયોજન થઈ ચૂક્યું છે.

મકરસંક્રાંતિ પર્વનું શાહીસ્નાન (અમૃતસ્નાન) થઈ ગયું છે. લગભગ ૩ કરોડ ૮૦ લાખ જેટલા સનાતનીઓએ આ અમૃતસ્નાનનો લાભ ફક્ત એક જ દિવસમાં લીધેલ છે.

કહેવાય છે કે વિશ્વના ૫૧ જેટલા દેશોની વસ્તી કરતાંય આ મહાકુંભમાં વધુ માનવોઓએ લાભ લીધો છે. અહો આશ્ચર્યમ્... અરે! વાસ્તવિકતા છે. હકીકત છે. આ છે ભારતીય સંસ્કૃતિની તાકાત... સનાતન ધર્મનો વિજયોત્સવ...

ઘણીવાર માણસમાં રહેલી સુષુપ્ત શક્તિની સ્વયંને જાણ હોતી નથી. આવા ઉદાહરણો ઘણા બધાં આપણને ખ્યાલ છે. પરંતુ એક ઉદાહરણ દ્વારા આપણને જણાવવા માંગું છું...

અજર-અમર રામભક્ત હનુમાનજી. સો યોજન સમુદ્રને પાર કરવાની પ્રચંડ તાકાત હનુમાનજીમાં હતી. સુગ્રીવ, અંગદ, નલ, નીલ, જાંબુવાન સાથે કેસરીનંદન હનુમાનજી પણ સમુદ્ર કિનારે ઉપસ્થિત હતા. કોણ આ સમુદ્રને ઓળંગીને લંકામાં પ્રવેશ કરી શકશે ? કોનામાં આવી પ્રચંડ શક્તિ છે ? ત્યારે વિદ્વાન જાંબુવાનજી એ હનુમાનજીની સુષુપ્ત શક્તિથી વાકેફ હતા. તેમણે જણાવ્યું કે આ સમુદ્રને ઓળંગવાનું કામ હનુમાનજી કરી શકે તેવા સક્ષમ છે. હનુમાનજીને તેમની સુષુપ્ત શક્તિથી જ્ઞાત કર્યા અને તૈયાર કર્યા કે તમો જરૂરથી આ સમુદ્રને ઓળંગી લંકા પહોંચી શકશો. ત્યારબાદની રામાયણ કથાથી આપણે જાણીએ છીએ કે... હનુમાનજીએ પોતાની આ શક્તિને પિછાણી... લંકામાં પ્રવેશ પણ કર્યો.

આચાર્યશ્રી વિધવાન જાંબુવાન જેવું ''વિઝન'' રાખવાનું છે. શાળાના બિન-શૈક્ષણિક સ્ટાફ જેવા કે સ્વીપર, પ્યૂન, માળી, કારકુન, કમ્પ્યુટર ઓપરેટર વગેરે તેમનામાં રહેલી (લાયકાત) શક્તિઓ અને સુષુપ્ત શક્તિઓને ઓળખવાની છે. એ શક્તિઓથી શાળાના કામકાજ માટે તેઓ કઈ રીતે ઉપયોગી થાય એ માટે અનુસરવાનું છે. વળી, હયાત સાધન સામગ્રી, ટેકનોલોજી અને માનવબળનો ઉપયોગ કરી માહિતીપ્રધાન યુગમાં માહિતી માટે ભરપુર લાભ શાળા માટે લઈ શકાય તેમ છે. આ માટે જેમ ભગવાને આપણને સહુને ૨૪ કલાક હા.... દરેકને સરખા ૨૪ કલાક ''રાત-દિવસ'' સાથે આપેલ છે. એમાંય વળી, ફરજનો કાર્યકાળ(સમય) નક્કી થયેલ છે. એ મુજબ આયોજન ગોઠવવું ખૂબ જ જરૂરી છે.

શૈક્ષણિક સ્ટાફ સાથે પણ અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા માટે જે ઉપલબ્ધ માત્રામાં હયાત પ્રાપ્ય સાધન-સંપત્તિ-ઉપકરણો, પ્રયોગશાળા, લાયબ્રેરી વગેરેનો મહત્તમ ઉપયોગ થઈ શકે તેવું આયોજન અત્યંત જરૂરી છે.

કામના કલાકો ગણતાં, કામથી દૂર ભાગવાની કોશીશ કરતાં, કામને ભારરૂપ માનતાં, મનમાની કરવાની ઈરછાવાળા, અલગ જ કામ કરવાની વૃત્તિવાળાં, ગમે તેમ તાસને ટાઈમપાસ કરવાની ઘેલછા ધરાવતાં શિક્ષણકાર્ય સાથે જોડાયેલા ભાઈ-બહેનોની રજેરજ ઓળખ આચાર્યની લૉગબુકના આધારે થઈ શકે.

ધીરજ, સહનશક્તિ અને આયોજન ગોઠવવાની નેમ રાખી આ બાબતે આગળ વધવું....

સેમિનાર, શિબિર જ્યારે યોજાય ત્યારે આચાર્ય સંઘના અન્ય આચાર્ય મિત્રો સાથે શાળાકીય ચર્ચા-વિચારણા, ગોષ્ઠિ, પરામર્શ કરવો જોઈએ. સમય, સ્થળ, કાળ પ્રમાણે પરિસ્થિતિઓ જુદી જુદી હોય છે. તેને ખાસ ધ્યાનમાં રાખવી.

આયોજન સંપૂર્ણપણે ગોઠવ્યા બાદ તેના અમલીકરણ વિષેની ખામીઓ-ખૂબીઓને પણ ધ્યાનમાં લેવી. જેથી આયોજન પછીના શાળા કક્ષાએ અમલીકરણ કરવામાં વાંધો ના આવે....

શિક્ષણમાં આવતાં રોજબરોજ ના નવા આયામોથી સતત વાકેફ રહેવું......

આચાર્યની સજ્જતા ક્યારેય અરાજક્તામાં પરિણમે શકે નહિ. સનાતન ધર્મની સંસ્કૃતિ અનુસાર ૮૪ લાખ વર્ષ બાદ આ મનુષ્ય અવતાર મળે છે. તો મનુષ્ય તરીકેનો આપણને અવતાર અને તેમાંય ''આચાર્ય'' તરીકેનો ઉત્તમ સામાજિક હોદ્દો એળે જાય નહિ, આચાર્ય દેવો ભવ: એ માટે પ્રભુ! આપ સહુને બળ, બુદ્ધિ અને માર્ગ દર્શાવે એ જ પ્રાર્થના.....

# શૈક્ષણિક સંસ્થાઓમાં આચાર્યની ડાયરી કેટલી મહત્ત્વની

**- જી. એસ. દેધરોટીયા,** પાટણ
પૂર્વ આચાર્ય, ઈલોલ હાઈસ્કૂલ, ઈલોલ.
જિ. સાબરકાંઠા. (મો.) 9427779606

કોઈપણ શૈક્ષણિક સંસ્થામાં આચાર્ય એક અગત્યનું પદ છે. તેના નેતૃત્વ હેઠળ કોઈપણ શૈક્ષણિક સંસ્થા વિકાસ પામતી હોય છે. તેનું આયોજન, તેનું વિઝન અને તે દિશામાં કામ કરવાની પદ્ધતિ સંસ્થાને વિકાસ પથ પર આગળ લઈ જાય છે. તે મુખ્ય ધરી છે તેની ગતિ સમગ્ર શૈક્ષણિક સંસ્થાની ગતિ બને છે. તેના થકી સંસ્થાની આગવી ઓળખ ઉભી થાય છે. તેની પાસે અનેક જવાબદારીઓ વહન કરવાની હોય છે : શૈક્ષણિક, વહીવટી. સાથે સાથે સંસ્થાનો ઉત્તરોત્તર વિકાસ કરવાનો હોય છે. વિદ્યાર્થીઓ, વાલીઓ, મેનેજમેન્ટ, સરકાર તેમજ સ્ટાફને સતત રોટેશનમાં અને સક્રિય રાખવાની જવાબદારી તેના શિરે હોય છે.

આવી અનેક જવાબદારીઓ તે ત્યારે સારી રીતે વહન કરી શકે કે જ્યારે તેની પાસે ડાયરી હોય જેને "આચાર્યની ડાયરી" જેમાં અનેક બાબતોની નોંધ કરવાની હોય છે. તે કોઈપણ આચાર્ય માટે અગત્યનું દસ્તાવેજ છે જેના આધારે કરેલ કામ તેમજ બાકી કામ સિવાય અનેક બાબતોની નોંધ કરી શકે. આચાર્યની ડાયરી તે હોમવર્કની નોટબૂક છે જે પોતે સંસ્થામાં કયા કામ કોની પાસે લેવાની છે તેનું હોમવર્ક ઘેરથી કરીને આવવાનું હોય છે, પણ આજકાલ આવા આચાર્યો કેટલા....? કે જેઓ પોતાની ડાયરી લખવાની ટેવ હોય. ભાગ્યેજ કોઈ નિયમિત રીતે તે લખાતી હોય. આજકાલ તો કોમ્પ્યુટર યુગમાં તેને જાણવણી કરવી સહેલી છે, મોબાઈલમાં તેને આપણે નોંધ રાખી શકીએ પણ... શૈક્ષણિક સંસ્થામાં પ્રિન્સિપાલની ડાયરી અનેક કારણોસર નોંધપાત્ર મહત્વ ધરાવે છે :

**(1) વિદ્યાર્થી કયા શિડ્યુલિંગ અને ટાઈમ મેનેજમેન્ટ :** આચાર્યની ડાયરી મીટિંગ્સ, ઈવેન્ટ્સ અને અન્ય પ્રતિબદ્ધતાઓ સહિત તેમના સમયપત્રકને ગોઠવવામાં મદદ કરે છે. તે સુનિશ્ચિત કરે છે કે તેઓ અસરકારક રીતે સમય ફાળવે છે, ઉત્પાદકતામાં વધારો કરે છે.

**(2) કોમ્યુનિકેશન :** તે એક કેન્દ્રીય સંચાર સાધન તરીકે સેવા આપે છે, જે પ્રિન્સિપાલને

મહત્વપૂર્ણ સંદેશાઓ, વિનંતીઓ અને રીમાઇન્ડર્સને નોંધવાની મંજૂરી આપે છે. આ સંસ્થામાં અસરકારક સંચાર સુનિશ્ચિત કરે છે.

**(3) નિર્ણય લેવો :** ડાયરી મુખ્ય ચર્ચાઓ, લીધેલા નિર્ણયો અને ક્રિયાઓની વસ્તુઓનો ટ્રેક રાખીને નિર્ણય લેવામાં મદદ કરે છે. ભૂતકાળના નિર્ણયોની સમીક્ષા કરવા અને ભવિષ્યની ક્રિયાઓનું આયોજન કરવા માટે તે સંદર્ભ બિંદુ તરીકે કામ કરે છે.

**(4) દસ્તાવેજીકરણ :** ડાયરી એક દસ્તાવેજીકરણ સાધન તરીકે સેવા આપે છે, જે સંસ્થાની અંદર નોંધપાત્ર ઘટનાઓ, સિદ્ધિઓ, પડકારો અને સીમાચિહ્નો રેકોર્ડ કરે છે. તે એક ઐતિહાસિક રેકોર્ડ પ્રદાન કરે છે જેનો સંસ્થાકીય મેમરી અને જવાબદારી માટે સંદર્ભિત કરી શકાય છે.

**(5) પ્રાધાન્યતા :** ડાયરીમાં કાર્યો અને જવાબદારીઓ લખીને, પ્રિન્સિપાલ અસરકારક રીતે પ્રાથમિકતા આપી શકે છે, તે સુનિશ્ચિત કરી શકે છે કે તાકીદની બાબતોને તાત્કાલિક સંબોધવામાં આવે છે અને લાંબા ગાળાના વ્યૂહાત્મક લક્ષ્યો પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે.

**(6) જવાબદારી :** તે જવાબદારીને પ્રોત્સાહન આપે છે કારણ કે પ્રિન્સિપાલ તેમની પોતાની પ્રતિબદ્ધતાઓ અને જવાબદારીઓને ટ્રેક કરી શકે છે, તેઓ તેમની ફરજો અસરકારક રીતે પૂર્ણ કરે છે તેની ખાતરી કરી શકે છે. વધુમાં, તે અન્ય લોકોને તેમની ક્રિયાઓ અને પ્રતિબદ્ધતાઓ માટે જવાબદાર રાખવાના સાધન તરીકે સેવા આપી શકે છે.

**(7) આયોજન અને વ્યૂહરચના :** પ્રિન્સિપાલને આયોજન સત્રો શેડ્યૂલ કરવા, લક્ષ્યો તરફ પ્રગતિની સમીક્ષા કરવા અને અસરકારક રીતે સંસાધનોની ફાળવણી કરવાની મંજૂરી આપીને ડાયરી વ્યૂહાત્મક આયોજનમાં મદદ કરે છે. તે સુનિશ્ચિત કરે છે કે સંસ્થા તેના મિશન અને વિઝન પર કેન્દ્રિત રહે.

**(8) ગોપનીયતા અને સુરક્ષા :** ડાયરીમાં સંવેદનશીલ માહિતી હોઈ શકે છે, તેથી તે ગોપનીયતા અને સુરક્ષા જાળવવા માટે જરૂરી છે. તેને સુરક્ષિત સ્થાને રાખવું જોઈએ અને ફક્ત અધિકૃત કર્મચારીઓ દ્વારા જ તેનો ઉપયોગ કરવો જોઈએ.

એકંદરે, આચાર્યની ડાયરી શૈક્ષણિક સંસ્થાના અસરકારક સંચાલન અને વહીવટમાં, સંદેશાવ્યવહાર, નિર્ણય લેવાની, દસ્તાવેજીકરણ અને જવાબદારીની સુવિધામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

# ભૌતિક શિક્ષણ અને આધ્યાત્મિક શિક્ષણનો સમન્વય

**– સંપૂર્ણ જીવન સંસ્થા,** વડોદરા

શિક્ષણના બે પ્રકાર : ભૌતિક શિક્ષણ અને આધ્યાત્મિક શિક્ષણ.

શિક્ષણના ઉદ્દેશો પરિપૂર્ણ કરવા અનિવાર્ય છે – ભૌતિક શિક્ષણ અને આધ્યાત્મિક શિક્ષણનો સમન્વય. પૃથ્વી પર રહેલા સંસાધનો પર પ્રક્રિયા કરીને જીવન માટે આવશ્યક અન્ન, આવરણ, આવાસ અને સંદેશાવ્યવહાર જેવા સાધનોની પરિપૂર્તિ માટે છે, ભૌતિક શિક્ષણ.

જયારે આપણી શાશ્વત પ્રસન્નતાની જરૂરિયાત સંતોષી શકાય છે આત્માના શિક્ષણ, આધ્યાત્મિક શિક્ષણ દ્વારા. અખંડ ભારતના ઋષિઓએ સાડા છ હજાર વર્ષ પૂર્વે આધ્યાત્મિક શિક્ષણ માટે ઉપમા આપી છે ‘વિદ્યા' અને ભૌતિક શિક્ષણ માટે 'અવિદ્યા'.

ઈશ ઉપનિષદના ૧૧મા મંત્ર અનુસાર જન્મથી મૃત્યુ સુધીનું જીવન સરળતાથી જીવવા જરૂરી છે અવિદ્યા. જયારે અમૃત, ચિરંતન આનંદની અનુભૂતિ કરાવે તે વિદ્યા. જે ચિત્તવૃત્તિમાં અજ્ઞાનને કારણે વિકસેલા ષડરિપુઓમાંથી મુકિત અપાવવાનું જ્ઞાન આપે તે અધ્યાત્મવિદ્યા. જયારે જીવનનિર્વાહ-અર્થોપાર્જન માટે મદદ કરે તે અવિદ્યા.

**ભૌતિક શિક્ષણના પરિણામો** :

ચીજ-વસ્તુઓના ઉત્પાદનમાં અભૂતપૂર્વ વૃદ્ધિ. શિક્ષણ સાથે સંલગ્ન સંશોધન અને વિસ્તરણ સેવાઓના ફલસ્વરૂપ ઘઉં, ચોખાની લાખો ટન આયાતને બદલે નિકાસ. દૂધ ઉત્પાદનમાં વિશ્વમાં પ્રથમ. સિમેન્ટ, લોખંડ, પોલાદમાં સ્વનિર્ભર. લગભગ તમામ ગામોમાં વિધુત કનેકશન. તબીબી શિક્ષણ અને સગવડો વિકસવાથી સરેરાશ આયુષ્ય ૩૨ થી વધીને ૭૦. ઈન્ફર્મેશન ટેકનોલોજીનો વ્યાપ. આર્ટિફિસિયલ ઈન્ટેલિજન્સનો (કૃત્રિમ બુદ્ધિમત્તા)ધમાકેદાર પ્રવેશ.

**ભૌતિક શિક્ષણની મર્યાદાઓ** :

**(૧) ભોગવાદ :** ભૌતિકશિક્ષણ એટલે તંત્રનું શિક્ષણ. નિશ્ચિત વિષયની એકાંગી માહિતી કે જ્ઞાન. પણ ભૌતિક શિક્ષણ પરિવર્તનશીલ નાશવંત ચીજ-વસ્તુઓનું જ્ઞાન. અમાપ સંસાધનોની પ્રાપ્તિ પછી પણ અસંતોષ.

શ્રેયને બદલે પ્રેય માર્ગ તરફ પ્રયાણ. સુખ અને આનંદનો ભેદ ન સમજાવાથી ભોગવાદ તરફ ખેંચાણ. પ્રબળ બનતી પરિગ્રહવૃત્તિ.

**(૨) મૂલ્યોનું ધોવાણ :** ભૌતિક શિક્ષણના કોઈપણ સ્તરે આત્માનું શિક્ષણ ન અપાતું હોવાથી, સત્ય, ન્યાય, કરુણા, અહિંસા, અપરિગ્રહ, સેવા ન્યાય, કૃતાર્થતા જેવા ગુણોનો અભાવ. વ્યકિત પોતે સમૃદ્ધિના શિખરે પહોંચી જાય પછી પણ તે અન્યના ભલા માટે સંવેદન શૂન્યતા.

વ્યાપાર ઉદ્યોગ ક્ષેત્રમાં વધુને વધુ ઉત્પાદન, વેચાણ અને નફાખોરી માટે ડિલીટ થતા જતા પ્રામાણિકતા કે પારદર્શકતા જેવા શબ્દો.

ગ્રાહકો સાથે છેતરપિંડી. કર્મચારીઓ તરફ હિનભાવ.

**(૩) ચિંતા, તાણ અને વિષાદ :** ભોગવાદની તૃષ્ણા ન સંતોષાવાથી તણાવ અને વિષાદ. મધુપ્રમેહ, બ્લડ પ્રેશર, કેન્સર કે એઈડ્ઝ જેવા જીવલેણ રોગોનું વધતું પ્રમાણ. યુવાનોમાં નિરાશા અને એકલતાને કારણે દારૂ, સિગરેટ, કોકેઈન જેવા ખતરનાક ડ્રગ્ઝનું સેવનમાં વૃદ્ધિ.

**(૪) હિંસકવૃત્તિ :** માનસિક અશાંતિ, અજંપો, અસહિષ્ણુતા અને સમાધાનવૃત્તિના અભાવને લીધે આત્મહત્યા, છૂટાંછેડા, બળાત્કાર, મારામારી, સંઘર્ષણ. સોશ્યલ મિડિયામાં સમયની બરબાદી. રૂંધાતી સર્જનાત્મકતાની વૃત્તિ.

**(૫) આવક અને સંપત્તિની અસમાનતા :** સકામભાવે કર્મ કરવાનું શિક્ષણ મળવાથી લોકોમાં સ્વકેન્દ્રીતા. દ્વૈતભાવને લીધે સમાજમાં વિષમતા, અસમાનતા અને શોષણ. આપણાં અર્થતંત્રનો ૩૦.૬ અબજ ડોલર (૧૯૫૧) થી ૩.૮ ટ્રીલિયન ડોલર (૨૦૨૨) સુધી વિસ્તાર થયો છે. પણ સંપત્તિના ઘનિષ્ઠ કેન્દ્રીયકરણને કારણે ૧% લોકોપાસે ૪૦% સંપત્તિ છે. જયારે નીચલા ૫૦% લોકો પાસે ૩%.

**(૬) ગ્લોબલ વોર્મિંગ :** ભૌતિક શિક્ષણને કારણે કુદરતી સંસાધનોનો વધુને વધુ વપરાશ. ઈશ્વરે સર્જેલા આ પંચમહાભૂત અવકાશ, વાયુ, જલ, તેજ અને પૃથ્વીને દેવતા માની તેના સંરક્ષણ કે સંવર્ધનની બાબતમાં અસભાનતા.

**આધ્યાત્મિક શિક્ષણની અનિવાર્યતા** :

આધ્યાત્મિક શિક્ષણ એટલે સાંપ્રદાયિક કે ધાર્મિક શિક્ષણની વ્યવસ્થાનો આત્મા. અધ્યાત્મના પ્રમુખ વિષય છે આત્મા અને પરમાત્મા. તેને જાણવા, ઓળખવા અને સમજવા માટેનું શિક્ષણ

એટલે આધ્યાત્મિક શિક્ષણ. વિશ્વના ૮ અબજ લોકોનો સમાન આત્મા. તેથી આધ્યાત્મિક શિક્ષણ મેળવનારમાં વ્યાપકતા અને વિશાળતા.

**આધ્યાત્મિક શિક્ષણના લાભ** :

(1) સમગ્ર સૃષ્ટિના નિયંતા, નિર્ગુણ, નિરાકાર, સર્વસમર્થ, સર્વવ્યાપક, સર્વજ્ઞ, પરમાત્મા અને દરેકમાં કોઈ ભેદભાવ વિના ચૈતન્ય આત્માસ્વરૂપે રહેલા સગુણ, સાકાર વ્યક્ત પરમાત્મામાં અતૂટ, અખંડ શ્રદ્ધાનું નિર્માણ.

(2) માત્ર સ્વ માટે નહીં, તમામ જીવોના કલ્યાણ માટે નિષ્કામતા, કર્મઠતા.

(3) પોતાના સ્વભાવ અને આશ્રમ અનુસાર સોંપાયેલી ફરજધર્મનું પાલન.

(4) ઘર્ષણમુકત, શાંતિમય, સ્વસ્થ સમાજની સ્થાપના માટે સત્યસભર, નિશ્ચયાત્મક બુદ્ધિ.

(5) માત્ર બૌદ્ધિકસ્તરે નહીં, આત્માનો અવાજ સાંભળીને નિર્ણય લેવાની કાર્યપદ્ધતિમાં વિશ્વાસ.

(6) કોઈપણ વ્યવસાય કે સેવામાં જયાં પ્રવૃત્ત હોય ત્યાં સમૂહભાવના-ટીમ સ્પિરીટથી કાર્ય કરવાની વૃત્તિ, વલણ અને વ્યવહારની કેળવણી.

(7) આત્માની જાગૃતિ પ્રમાણે જીવન જીવવાથી વ્યક્તિગત, સામાજિક જીવનમાં નિષ્ઠા, અભય, પ્રામાણિકતા, પારદર્શકતા, વ્યાપકતા, પરિપકવતા, ઉદારતા, દયા, કરુણા, નમ્રતા, સમાનુભૂતિ, અને સાદાઈ જેવા મૂલ્યો, દૈવી ગુણોનું સિંચન.

(8) જે સંસ્થામાં વ્યકિત પોતાનું પ્રતિનિધિત્વ ધરાવતી હોય તે સંસ્થા અન્ય વ્યકિત કે સમુદાય સાથેના

(9) બિનજરૂરી વિતંડાવાદથી અલિપ્તતા.

(10) વિશ્વની વર્તમાન સામાજિક, આર્થિક, શૈક્ષણિક, રાજકીય, સાંસ્કૃતિક સંસ્થાઓને આધ્યાત્મિક બનાવવા માટેની ક્ષમતા.

સમાજની દરેક ઉત્સુક વ્યકિતને અધ્યાત્મિક શિક્ષણ આપવાની વર્તમાન સમયની અનિવાર્ય આવશ્યકતા છે તે માટે તેમને વૈશ્વિક સ્તરે સ્વીકૃત ઉપનિષદ, બ્રહ્મસૂત્ર અને ગીતાજીનો અભ્યાસ કરવા માટે સક્ષમ બનાવવાના છે. જેથી....

(1) તેઓ આ શાસ્ત્રોના સિદ્ધાંતો, નિયમો સમજીને વિશ્વના અન્ય ધર્મના ગ્રંથો સાથે તેની સામ્યતા તપાસી શકે.

(2) જ્ઞાતિ, જાતિ, લિંગ, પ્રદેશ, સંપ્રદાય, ધર્મથી સર્જાતી કોઈપણ પ્રકારની સંકુચિતતાથી દૂર રહી શકે તેવી દઢતા તેનામાં વિકસે.

(3) અધ્યાત્મના મૂલ્યોને આત્મસાત્ કરીને તે પ્રસન્ન, શાંતિપૂર્ણ જીવન જીવી શકે અને

(4) મુજબ આધ્યાત્મિક સાક્ષરવિશ્વની રચનામાં પોતાનો મૂલ્યવાન સહયોગ પ્રદાન કરી શકે.

**સંપૂર્ણ જીવન વડોદરા દ્વારા આધ્યાત્મિક શિક્ષણની વ્યવસ્થા** :

સમાજમાં દરેક ઉત્સુક વ્યકિતને આધ્યાત્મિક શિક્ષણ મળી રહે તે માટે વડોદરાની સંસ્થા સંપૂર્ણ જીવન છેલ્લાં ૨૦ વર્ષથી સક્રિય છે. આ સંસ્થાએ ભારતીય સંસ્કૃતિના પ્રાણવાન શાસ્ત્રો, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, શ્રીમદ ભગવત ગીતા અને વિશ્વના પ્રમુખ અધ્યાત્મશાસ્ત્રોનું ગહન અધ્યયન કરીને બે વર્ષનો અભ્યાસક્રમ તૈયાર કર્યો છે.

આ અભ્યાસક્રમને આધારે સાહિત્યનું નિર્માણ કરવામાં આવ્યું છે. તાલીમ પામેલા નિષ્ઠાવાન, કર્મઠ શિક્ષકો પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનથી અધ્યાપનકાર્યમાં જોડાયેલા છે. સપ્તાહમાં એક દિવસ રવિવારે ઓફલાઈન અને ઓનલાઈન વર્ગો યોજાય છે.

આધ્યાત્મિક શિક્ષણ શાળા-મહાશાળાના વિદ્યાર્થીઓને તેમના જ શિક્ષક દ્વારા બાલ્યાવસ્થાથી અપાય તોતેમનામાં કારકિર્દી ઘડતર સાથે ગુણ-સંસ્કારનો પણ અનુબંધ થાય. આ ઉદ્દેશ સાથે તૈયાર થયેલી વડોદરાની બે શાળાઓના શિક્ષકોને સંપૂર્ણ જીવને વૈજ્ઞાનિક તાલીમ આપી છે. ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ભાષામાં આવશ્યક પાઠયપુસ્તક તેમજ શિક્ષક માર્ગદર્શિકા આકાર પામી રહયા છે. આ શાળાઓમાં આવતા વર્ષે જુલાઈ ૨૫થી આધ્યાત્મિક શિક્ષણનો વિધિવત્ પ્રારંભ થઈ જશે. સંપૂર્ણ જીવનની મનીષા છે કે આ પ્રકારના આધ્યાત્મિક શિક્ષણનો વ્યાપ સમગ્ર ગુજરાતમાં અને ભારતમાં થાય. તે માટે આવશ્યક છે કે રાજયના શિક્ષકો, આચાર્યો સંપૂર્ણ જીવનના યજ્ઞકાર્યમાં ભાગીદાર બની ઓફલાઈન-ઓનલાઈન વર્ગોમાં વહેલી તકે સામેલ થઈ જાય. સંસ્થા દ્વારા આપવામાં આવતું આધ્યાત્મિક શિક્ષણ નિ:શુલ્ક છે.

અમારો સંપર્ક નંબર છે : મો. ૯૪૨૬૪૬૧૦૯૦.

## વ્યક્તિગત પરિચય



### ડૉ. વિરલકુમાર અમૃતલાલ દેસાઈ

(એમ.એ., એમ.એડ્., પીએચ.ડી.)
ખુ.વ.સા.હાઈસ્કૂલ, દયાળનગર ગણદેવા અને
મ.ની.ના. ઉ.મા. શાળા, મણિનગર ગણદેવા.
તા. ગણદેવી, જિ. નવસારી.

અંબિકા નદીના રમ્ય તટે વિકસેલ ગણદેવા, તા. ગણદેવી, જિ. નવસારીના **ડૉ. વિરલકુમાર અમૃતલાલ દેસાઈ**એ તા. ૧/૭/૧૯૯૫માં બીલીમોરાની પ્રતિષ્ઠિત એમ. એન્ડ. આર. ટાટા હાઈસ્કૂલમાં અંગ્રેજી ભાષાના શિક્ષક તરીકે કારકિર્દીની શરૂઆત કરી. હાલ ખુ. વ. સા. હાઈસ્કૂલ, દયાળનગર, ગણદેવા અને મ.ની.ના. ઉ.મા. શાળા, મણિનગર, ગણદેવામાં આચાર્ય તરીકે તા. ૦૧/૧૧/૨૦૦ થી કાર્યરત છે. શાળા સમય દરમિયાન વિદ્યાર્થીઓની જિજ્ઞાસા સંતોષવા શિક્ષણમાં વિવિધ પદ્ધતિઓનો પ્રયોગ તેમણે સ્નેહથી કર્યો છે. મદદનીશ શિક્ષકની જવાબદારી સાથે તેમણે વિદ્યાર્થીઓમાં રાષ્ટ્ર પ્રત્યેની ભાવના મજબૂત બને તે હેતુથી શાળામાં N.C.C. ઓફિસની જવાબદારી ખૂબ સફળતાપૂર્વક નિભાવી. ત્રણ માસની ઓફિસરની તાલીમ O.T.S. કામટી ખાતે મેળવી તેમને વિદ્યાર્થીઓને રાષ્ટ્રકક્ષાએ વિવિધ ટેમ્પો જેવા કે NIC, BLC, RDCમાં ભાગ લેવા તૈયાર કર્યા અને આજે કેટલાય વિદ્યાર્થીઓ સ્થળસેના અને બી.એસ.એફ.માં સેવા બજાવી ભારતમાતાની સેવા કરી રહ્યા છે.

ડૉ. વિરલકુમાર એ. દેસાઈ જ્યારે પ્રથમ વખત શિક્ષક તરીકે નિમણુંક પામ્યા ત્યારે તેમણે બી.એ., બી.એડ્. સુધીનો અભ્યાસ કર્યો હતો પરંતુ જીવનમાં આગળ વધવાની તીવ્ર ઇચ્છાશક્તિ પોતાના વિષયમાં નિપુણતા મેળવવાની ઉત્કંઠાને કારણે એમ.એ., એમ.એડ્., પીએચ.ડી. સુધીનો અભ્યાસ કર્યો. કર્મયોગી તાલીમ હોય કે સ્કૂલ એડોલેશન તાલીમ હોય તેમણે તાલીમ લઈ રિસોર્સ પર્સનથી લઈ કી-રિસોર્સ પર્સનની જવાબદારી નિભાવી છે. પોતાના વિષયમાં નવી માહિતીથી અવગત રહેવા તેઓ સમયાંતરે વર્કશોપમાં ભાગ લેતા રહે છે.

શાળાનો દરેક વિદ્યાર્થી તેના રસના વિષયમાં તેની ક્ષમતાપૂર્વક આગળ વધે તે માટે શાળા કક્ષાએ વિવિધ આયોજન કરવામાં આવે છે. માત્ર મેરિટના ધોરણે નહીં, પરંતુ વિદ્યાર્થીઓનો સામાજિક અને સાંવેગિક વિકાસ થાય તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. ખેલમહાકુંભ, સ્વચ્છતા અભિયાન, રાષ્ટ્રીય પર્વની ઉજવણી, ગીતા પૂજન, સંવિધાન દિવસની ઉજવણી, યોગ દિવસ, પર્યાવરણ દિવસ ઉજવણી વગેરેમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવડાવવા માટે પ્રયત્નશીલ હોય છે.





શાળાના તમામ વિદ્યાર્થીઓની પ્રિ-ટેસ્ટ લઈ પરિણામને આધારે વિદ્યાર્થીઓનાં જૂથ બનાવી શૈક્ષણિક આયોજન કરવામાં આવે છે. ગણિત વિષયના કોયડાઓ સમજવા શાળામાં પોતીકી ‘વિરલ મેથ્સ લેબ’ની સ્થાપના કરી છે. વિદ્યાર્થીઓના મૂંઝવતા પ્રશ્નો સરળતાથી રજૂ કરી શકે તે માટે ‘મંજુષા’ પ્રોજેક્ટનું સફળતાપૂર્વક સંચાલન કર્યું છે. તેમણે શાળાના તમામ વર્ગખંડોમાં IF પેનલ ઉપલબ્ધ કરાવી ૧૦૦% ડિજિટલ શાળા તૈયાર કરેલ છે. વિદ્યાર્થીઓ ગણિત વિષયથી મૂંઝવણ ન અનુભવે તે માટે શાળામાં વિરલ મેથ્સ તૈયાર કરાવી છે. શૈક્ષણિક વર્ષ ૨૦૦૭થી શાળાના તમામ વિદ્યાર્થીઓ માટેની નિ:શુલ્ક કમ્પ્યુટર શિક્ષણની શરૂઆત કરેલ છે. વર્ષ ૨૦૧૯થી કોમર્સ વિભાગના વિદ્યાર્થીઓને નિ: શુલ્ક ટેલિ પ્રોગ્રામ થકી એકાઉન્ટ વિશેના અધ્યાપન કાર્યની શરૂઆત કરેલ છે. શાળાના વિદ્યાર્થીઓને નિ:શુલ્ક નોટબુક, પ્રયોગપોથી, નકશાપોથી અને વર્કબુક આપેલ છે.અગત્સ્ય ઇન્ટરનેશનલ ફાઉન્ડેશનના સહયોગથી ઇનોવેશન લેબની સ્થાપના કરવામાં આવેલ છે. તેઓની શાળાના વિદ્યાર્થીઓએ સ્ટેમ્પ ક્વિઝ ૨.૦ અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રકક્ષાએ ભાગ લીધેલ છે. વિજ્ઞાન મેળામાં શાળાએ રાજ્યકક્ષાએ ભાગ લીધેલ છે. સંસ્થાની ભૌતિક સુવિધા વધે તે માટે વિવિધ ટ્રસ્ટો, NGO, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે સંકલન સાધી દાન મેળવવામાં સફળ થયેલ છે . તેઓએ આજ દિન સુધી રૂ. ૧૫ કરોડનું દાન મેળવવામાં સફળતા મેળવી છે.

નવસારી જિલ્લામાં ધોરણ-૧૦માં નબળું પરિણામ મેળવતી શાળાઓને દત્તક લઈ તેમનું પરિણામ સુધારવામાં અગત્યની ભૂમિકા ભજવેલ છે. શાળામાં કાર્યરત તમામ કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ માટે ફેઇસ ડિટેકશન એટેન્ડન્સની સિસ્ટમ ઉપલબ્ધ કરાવેલ છે. વર્ષ ૨૦૦૯ અને ૨૦૨૦માં ગુજરાત રાજ્યની ‘સ્વચ્છ શાળા’નો પુરસ્કાર મળેલ છે. વર્ષ ૨૦૧૭માં નવસારી જિલ્લાની ‘શ્રેષ્ઠ શાળા’ પુરસ્કાર પ્રાપ્ત કરેલ છે.

ડૉ. વિરલકુમારે કરેલ શિક્ષણ ક્ષેત્રે કરેલ પ્રસંશનીય સેવા બદલ ગુજરાત સરકાર દ્વારા રાજ્યના શ્રેષ્ઠ આચાર્યશ્રીનો પારિતોષિક-૨૦૨૪ તા.૦૫/૦૯/૨૦૨૪ ગુરૂવારે શિક્ષક દિન નિમિતે ટાગોર હોલ, પાલડી, અમદાવાદ ખાતે ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબના વરદ હસ્તે પારિતોષિક એનાયત થયેલ છે.

# બાળસંભાળ

- અંજનાબેન જે. પુરોહિત, મ. શિક્ષિકા,
એલ. કે. એમ. હિન્દી હા. સે. સ્કૂલ, અમદાવાદ

(1) ઘરમાં માતા-પિતા બાળકને આજ્ઞા કરે છે અને તેનું પાલન સખતાઈથી કરાવે છે. જો બાળકને એમ લાગે કે તેને વધારે સજા થઈ રહી છે તો બાળકનો માતા-પિતા ઉપરનો વિશ્વાસ ઊઠી જાય છે.

(2) માતા-પિતા એકબીજા સાથે અથવા સગા સંબંધીઓ સાથે હળીમળીને સરખી રીતે રહી શકતા નથી, તે ઘરમાં રહેવાનું બાળકને માટે ત્રાસદાયક બની જાય છે.

(3) ઘણી વાર માતા-પિતા ઉપરાંત દાદા-દાદી, કાકા-કાકી વગેરે સંબંધીઓ બાળક પર વધુ પડતો પ્રેમ વરસાવે છે અથવા તો વધારે પડતી કડકાઈ કરે છે. આમ કરી તેઓ બાળકના વ્યક્તિત્વના વિકાસને હાનિ પહોંચાડે છે.

(4) બાળકોમાં આત્મ-સન્માનની લાગણી તીવ્ર હોય છે, બાળક બધું સહન કરે છે પરંતુ અનાદર અને અવહેલના સહન કરી શકતું નથી. દરેક બાળકની આંખમાં પોતાનું એક સ્થાન હોય છે.

(5) જ્યારે બાળકને હડધૂત કરવામાં આવે, વાતવાતમાં એને નીચું દેખાડવામાં આવે ત્યારે બાળક નિરુત્સાહી બની જાય છે.

(6) બાળકને પ્રોત્સાહન આપવાથી એનામાં આત્મશ્રદ્ધાનો વિકાસ થાય છે.

(7) પ્રેમ કરવાથી બાળક કદી બગડતું નથી. બાળક ખોટાં લાડકોડથી બગડે છે.

(8) બાળકોમાં સારાં સંસ્કારોનું સિંચન થયું હોય તો બાળક ગમે તેટલું ખોટા રસ્તે ચાલ્યું જાય છતાં સમય જતાં તે સાચા માર્ગ ઉપર આવી જ જાય છે.

(9) જ્યારે બાળકોમાં માતા-પિતા અયોગ્ય મહત્ત્વાકાંક્ષાઓ જગાવે છે, એ એવું ઇચ્છે છે કે મારા કરતાં મારું બાળક આગળ વધે. પરંતુ બાળકની શક્તિનો ખ્યાલ કરીને બાળક પાસેથી અપેક્ષા રાખવી જોઈએ.

એટલે જ ફાધર વાલેસે સરસ સુવાક્ય લખ્યું છે :

"તું નકામો છે, તું ઠોઠ છે, તને કદીય કશું આવડવાનું નથી. તું જીવનમાં કશું કરી શકવાનો નથી." આવાં મહેણાંની ઊંડી ને બૂરી અસર બાળકના માનસ ઉપર પડે છે. જેથી અવિચારી વેણ કદી ભૂલથી પણ ઉચ્ચારી બાળકને હતપ્રભ કરશો નહીં.

: ગુજરાતમાં સૌથી વધુ શાળાઓમાં ઉપયોગમાં લેવાતો એકમાત્ર સોફ્ટવેર :

# School Automation System

- શાળા તથા સંચાલક મંડળની માહિતી
- વિદ્યાર્થીને લગતા તમામ પત્રકો
- વિદ્યાર્થીની ફી ના તમામ રિપોર્ટ
- ફોટો કેપ્ચરિંગ/ આઈ કાર્ડ
- પરીક્ષાની માર્કશીટ તથા પરિણામ પત્રકો
- **નવીન સેમેસ્ટર સિસ્ટમ પદ્ધતિ**
- કર્મચારીઓની પગારની તમામ વિગત

અમારા અન્ય સોફ્ટવેર

- **OMR Solution (OMR Sheet Scanner)**
- સ્કૂલ એકાઉન્ટીંગ સિસ્ટમ
- ઇન્કમટેક્સ કેલ્ક્યુલેશન સિસ્ટમ
- લાઇબ્રેરી મેનેજમેન્ટ સિસ્ટમ
- ટાઈમ ટેબલ મેનેજમેન્ટ સિસ્ટમ
- સ્કૂલ એડમિનિસ્ટ્રેટીવ ફોર્મ્સ(હાઉસઓફ ફોર્મ્સ માત્ર ૯૯૯/-)
- **Online Examination (MCQ) System**

**SMS Facility :** આ સુવિધાની મદદથી વિદ્યાર્થીના વાલીને સોફ્ટવેર દ્વારા ફી,હાજરી,જન્મદિવસ,તેમજ પરિણામ, ટેસ્ટને લગતા ઓટો જનરેટેડ તેમજ **Customized SMS** થઇ શકશે.

**OMR Solutions :**



- એક જ મીનીટ માં ૪૦ થી ૫૦ ઉત્તરવહીનું પરિણામ તૈયાર થઇ શકે છે. (Self assessment)
- શાળા પોતાની જરૂરિયાત મુજબ OMR Sheets જાતે તૈયાર કરી શકે છે અને જાતે પ્રિન્ટ કરી શકે છે.
- જો ઓછા પ્રશ્નોની પરીક્ષા લેવાની હોય તો OMR Sheet Half Pageની પ્રિન્ટ કરી શકાય છે.
- તૈયાર થયેલા પરિણામને Excel માં લઇ શકાય છે.(Export Facility)
- દરેક વિદ્યાર્થીના ઉત્તરપત્ર આપોઆપ તપાસાઈ જશે તેથી મૂલ્યાંકન કાર્યવાહી ઝડપી બનશે.

❖ ફિંગર પ્રિન્ટ એન્ડ ટાઈમ એટેન્ડન્સ સિસ્ટમ



* તમામ સરકારી/બિનસરકારી ઓફિસો કે શાળાઓ,બેંક છાત્રાલય વગેરે માટે આ સિસ્ટમની મદદથી કર્મચારીઓના ઓફિસમાં આવવા/જવાનો સમય આંગળી/અંગુઠાની મદદથી નોંધી શકાશે.ઓફીસ/ શાળાનો સમય દિવસ તેમજ શીફ્ટ મુજબ સેટ કરી શકાશે.આ સિસ્ટમની મદદથી કર્મચારીઓની નિયમિતતાનો ખ્યાલ આવશે. છાત્રાલય:આ સિસ્ટમથી છાત્રાલયમાં બહારની કોઈપણ વ્યક્તિને પ્રવેશતી અટકાવી શકાશે.આ સિસ્ટમની મદદથી મસ્ટર, ડેઈલી ઇન-આઉટ, લેટ ઇન વગેરે જેવા ૪૫ રિપોર્ટ્સ પ્રિન્ટ કરી શકાશે.

❖ **Website Designing**

૨,૭૦૦ થી પણ વધુ વેબસાઈટ અમારી દ્વારા તૈયાર કરાયેલ છે.

Unlimited Web Space
Right to Information Act ના પત્રકો, Annual Calender
All Details & History about schools with Photographs
All Details of Each Employee with Photographs
All Details of Each Trustee with Photographs
Toper List in board exam of $10^{th}$ & $12^{th}$
Message from Principal ( Appeal )
Message from President or Managing Trustee ( Appeal )
Photographs of Activities & Function arranged in school.
Student Result , Presence, Fee Details
School Login For Upload Photos and Other Detail.

WEBSITE

**કોઈ પણ સોફ્ટવેર ખરીદતા પહેલા અમારા સોફ્ટવેરનો ડેમો અવશ્ય નિહારો**

**Aum Imagineering Pvt. Ltd.**
602/603-A, Shapath-1, Opp.Rajpath Club
S.G.Highway, Ahmedabad - 380015, Gujarat(Ind)
(M) : 9825847773/7600001219
(Ph): 079 – 26870704,
079 – 40054004

# ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
# ૫૩મું શૈક્ષણિક અને વહીવટી અધિવેશનની ઝલક...


















SHREE SARASWAT - MONTHLY Registered under RNI No. GUJGUJ/2006/17017 "Permitted to post at Ahd PSO on 28th monthly under postal Regd No. GAMC-919/2021-2023 issued by SSP Ahd valid up to 31-12-2023
Published on 28th Day of Every Month

## ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
## ૫૩મું શૈક્ષણિક અને વહીવટી અધિવેશનની ઝલક...












રવાના :
**શ્રી અમિત આર. પંડ્યા**
શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦૦૨૧
મો. ૯૯૭૪૫૨૫૨૩૨

બુક-પોસ્ટ

પ્રતિ, શ્રી, ______________________
______________________
______________________

માલિક : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
તંત્રી, મુદ્રક, પ્રકાશક : જયપ્રકાશ પી. પટેલ
મુદ્રણ : રિલાએબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રા. લિ., ૩૦૧, પુનિત પ્લાઝા, આશ્રમ રોડ, નવગુજરાત કોલેજ પાછળ, અમદાવાદ-૩૮૦૦૧૪
પ્રકાશન સ્થળ : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ, સારસ્વત ભવન, હરેકૃષ્ણ કોમ્પલેક્ષ, પ્રિતમનગર, આશ્રમરોડ, અમદાવાદ.